એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૭ ● અંક : ૩

ફેબ્રુઆરી' ૧૨ - માર્ચ'૧૨

**મુખ્ય તંત્રી**

હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦

**તંત્રી મંડળ**

અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯

કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪

**વ્યવસ્થાપક સમિતિ**

**ચેરમેન**

મનુભાઈ કોટડીયા ૯૬૦૧૨ ૭૫૦૭૮

**માનદ્ સંયોજક**

અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

**મુદ્રણ આયોજન**

સૂર્યકાંત સોની ૯૬૮૭૦ ૭૫૬૩૩

**વેબસાઈટ**

ચિરાગ બુદ્ધભટ્ટી ૯૭૨૫૪ ૭૯૧૩૧

**નાણાકીય આયોજન**

કનુભાઈ બીજલાણી ૯૨૭૬૮ ૪૦૯૧૩
(સંપર્ક સમય : રાત્રે ૯ થી ૧૧)

**જાહેરાત તથા લવાજમ માટે સંપર્ક :**

● **અમદાવાદ**
ઉદય પરમાર ૯૮૭૯૧ ૦૬૩૫૩

● **ભુજ**
ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫
વિજયભાઈ એમ. બુધ્ધભટ્ટી ૯૯૭૯૭ ૯૭૫૮૪
(રૂલપ્રેસવાળા)

● **અંજાર**
અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦

● **નખત્રાણા**
પ્રફુલભાઈ કંસારા ૯૮૭૯૧ ૨૨૨૬૫
(ઉદય સ્ટેશનરી માર્ટ)

● **માધાપર**
હિતેશ સોની (કરણ જ્વેલર્સ) ૯૪૨૭૪ ૪૩૮૭૪

**માનદ્ સંયોજક (ભુજ)**

શૈલેષ કંસારા ૯૮૨૫૦ ૧૨૫૦૩
સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪
પી. જી. સોની 'દાસ' ૯૯૭૯૬ ૭૨૪૦૭

**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**
અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.

**કાર્યાલય :** રાજેન્દ્ર સોની
ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧ ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮


**વેબ સાઈટ :** www.gnyatisetu.com

**ઈ-મેલ :** editor@gnyatisetu.com

છુટક કિંમત રૂા. ૨૦/-
ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-

'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.

## તંત્રી સ્થાનેથી



'સેતુ' ના ગત અંકમાં પ્રસારીત 'લગ્ન સંબંધ-વિચ્છેદ સમસ્યા સમાધાન' અભિયાન વિષેના પ્રતિભાવો વ્યાપક અને વિચાર પ્રેરક છે... વડીલોએ આ અભિયાન આવકાર્યું છે. યુવા વર્ગ પણ આ સમસ્યા પ્રત્યે સજાગ થયો છે, જેની ઝલક ગત માસે ભુજ મહિલા મંડળ દ્વારા આયોજીત કવિ ગોષ્ઠીમાં રજૂ થયેલી કેટલીક કાવ્ય રચનાઓ આપે છે. એક પ્રશ્ન થયો કે ... 'આવા અભિયાનથી શું વળવાનું છે ?'

આ પ્રશ્નનો ઉત્તર તો માત્ર સમય જ આપી શકે. આ સમસ્યા જટીલ છે, વૈશ્વિક છે. એના પરિમાણો અનેક છે. એના વિષે વિદ્વાનોના વિચારો, સલાહ સૂચનો, આદિ પુસ્તકો અને સામયિકો તેમજ ટી.વી., રેડિયો આદી માધ્યમો દ્વારા પ્રસ્તુત થતા રહે છે. પરંતુ, સામાજીક મૂલ્યોના નિરંતર પરિવર્તનના પ્રભાવે ઉદ્‌ભવતી કેટલીક સમસ્યાઓ સમયાંતરે સ્થાયી સ્વરૂપે સ્વીકાર્ય બની જાય છે. વિશ્વના કેટલાય દેશોમાં લગ્ન માત્ર એક કરાર છે. ત્યાં વ્યક્તિલક્ષી દામ્પત્ય સંબંધની જોડતોડ સામાન્ય છે. પરંતુ, **ભારતીય સંસ્કૃતિ અનુસાર લગ્ન એક પવિત્ર સંસ્કાર છે. એક પુરૂષ અને એક સ્ત્રીના લગ્ન સંબંધે, અનેક પરિવારો પરસ્પર વિવિધ સંબંધે જોડાય છે. એટલે જ્યારે એક દામ્પત્ય સંબંધ તૂટે છે ત્યારે તેની અસરે બીજા અનેક પરિવારોને પણ મનદુ:ખ થાય છે.**

લગ્ન સંબંધ વિચ્છેદની મોટા ભાગની ઘટનાઓ ક્ષુલ્લક અને ક્ષણિક ઉદ્વેગદત્ત કારણોસર તેમજ વ્યક્તિગત 'અહમ' અથવા ગેરસમજ અને પૂર્વગ્રહોને લીધે થતી હોય છે. જેમાં 'મધ્યસ્થી' પ્રેરિત વિવેકપૂર્ણ ફેરવિચારની સંભાવના રહેલી છે. મહામંડળ પ્રેરિત આ અભિયાન એ સંભાવનાઓ અંગે જનચેતના જગાડવાનો પ્રયાસ માત્ર છે.

વ્યક્તિ સ્વાતંત્ર્યના સાંપ્રત વાતાવરણમાં એ જરૂરી નથી કે **સમાધાન પ્રક્રિયા દરેક મામલામાં ભંગાણ અટકાવવા કારગર રહે. સંબંધ-વિચ્છેદના એવા પણ કેટલાક ગહન કારણો છે, જેનું એક માત્ર સમાધાન 'છૂટાછેડા' જ છે.** પરંતુ એ પરિસ્થિતિમાં પણ સમાજ સ્વીકૃત મધ્યસ્થી થકી પક્ષકારો અને એમના સગાં સંબંધીઓ વચ્ચે સંભવીત કટૂતા ઓછી થઈ શકે છે. કોર્ટ કચેરીના લખલૂટ ખર્ચ અને વેડફાતા સમયની બચત તો થઈ જ શકે છે. આ 'અભિયાન'નું હાલે માત્ર આ જ લક્ષ્ય છે.

'સેતુ' આ પ્રયાસ અને એના ફલસ્વરૂપ સામુહિક પ્રતિબિંબો ઝીલી એને પ્રસ્તુત કરવા પ્રતિબદ્ધ છે.

**હંસરાજ કંસારા**
**મુખ્ય તંત્રી**

અસ્તુ....

# તૃણેભ્યો જાયતે રજ્જૂ:

કુ. એકતા કટ્ટા

તૃણેભ્યो जायते रज्जूः सा नागस्यापि बन्धनम् ।

बहूनामप्यसाराणां संहतिः कार्यसाधिका ॥

અર્થાત્ 'તણખલાં' માંથી દોરડું બનાવવામાં આવે છે. તે (દોરડું) હાથીનું પણ બંધન બની શકે છે. ઘણી તુચ્છ વસ્તુઓનું ઐક્ય પણ કાર્ય સાધક હોઈ શકે છે.

ઉપરોક્ત સુભાષિતમાં સુભાષિતકારે 'તણખલાં' ના ઉદાહરણ દ્વારા તુચ્છ-નિમ્નકક્ષાની વસ્તુ દ્વારા પણ મહત્વપૂર્ણ કાર્ય પૂર્ણ થઈ શકે છે તે સમજાવવા પ્રયાસ કર્યો છે. તો સાથે-સાથે ઐક્યનાં મહત્વ તરફ પણ અંગૂલિનિર્દેશ કર્યો છે.

આપણે ઘણી બાબતોમાં પોતાની ખૂબીઓની અન્યો સાથે તુલના કરીએ છીએ અને તેમાંય ઘણું ખરું જે તે બાબતે પોતા કરતા વધારે સમર્થ સાથે જ તુલના કરવાના દૃષ્ટિકોણના કારણે પોતાની ખૂબીઓ બાબતે થોડી પણ નિરાશા જરૂર અનુભવીએ છીએ. તુલના આગળ વધવામાં સહાયક જરૂર બનતી હોય છે પણ તે માટે હકારાત્મક અભિગમ હોવું જરૂરી છે, નહિંતર આગળ વધવાના સ્થાને નકારાત્મક અભિગમના કારણે જે તે કાર્ય માટે નિરાશા જન્મી શકે છે.

જો ઊંડાણપૂર્વક વિચારીએ તો આપણાં સર્વેમાં નાની-નાની છતાંયે ઘણી બધી ખૂબીઓ રહેલી જ હોય છે. પરંતુ, માણસમાત્રની આંખોની જાણે કાર્યપ્રણાલી જ એવી છે કે, તે બીજાને તો પુરે-પૂરો જોઈ શકે છે, પણ પોતાને સંપૂર્ણપણે જોવા તેને 'અરિસા' જેવી નિર્જીવ વસ્તુનો આશરો લેવો જ પડે છે. માણસમાત્ર નો સ્વભાવ પણ અન્યની જ ખૂબીઓ કે ખામીઓ તરફ કેન્દ્રિત હોય છે. ચર્મચક્ષુ કરતા જો મનની આંખો વડે તે પોતાને જોવે તો કદાચ તેને નિહાળી રહેલ ચર્મચક્ષુ કરતા પણ વધારે સ્પષ્ટ અને જીણીથી જીણી બાબતોને સ્વયં નિહાળી શકે છે અને તેમ કરવાથી સ્વયંમાં રહેલી નાની-નાની ખૂબીઓ (તણખલાં સમાન) પણ એક પરિપૂર્ણ અસ્તિત્વ (દોરડા સમાન)નું દર્શન કરાવે છે. જે કોઈપણ કાર્યને લક્ષ્યને સિદ્ધ કરી શકે છે. શરત માત્ર એટલી જ, એ બધી જ ખૂબીઓ એક સમજશક્તિથી સુવ્યવસ્થિતરૂપે જોડવામાં આવે, તેનો ઉપયોગ કરવામાં આવે ! જેવી રીતે તણખલું તો તુચ્છ, નિમ્ન કોટિનો જ છે પરંતુ, તેના જથ્થાને ગુંથવાની કળા જ તે તણખલાઓના જથ્થાને ઐક્ય આપી શકે છે. અને એ ઐક્યની ઉત્પત્તિ તેને વિશિષ્ટ બનાવે છે. સક્ષમ, સમર્થ બનાવે છે, તેવી જ રીતે સ્વયંમાં રહેલી નાની-નાની ખૂબીઓનો વ્યૂહાત્મક સમન્વય કરવામાં આવે, તેનો એકબીજા સાથે સુચારુ તાલ-મેલ ગોઠવવામાં આવે તો નાની-નાની ખૂબીઓનો માલિક પણ એક સમર્થ અને પરિપૂર્ણ વ્યક્તિત્વ સિદ્ધ થઈ શકે છે. પારિવારિક, સામાજીક, આર્થિક પરિસ્થિતિ અને ઘડતરની સાથે જ સ્વયંની માનસિકતા જેવા વિવિધ પરિબળો વ્યક્તિત્વ નિર્માણમાં ગૂંથણકળાની ગરજ સારે છે. કંઈક અંશે આ બધા જ પરિબળો પર સ્વયંની ખૂબીઓનું ઐક્ય અવલંબે છે. પરંતુ, તણખલાંઓથી બનેલ દોરડા અને માણસમાત્રમાં તફાવત નિર્જીવ અને સજીવ હોવા માત્રનો છે. તણખલાં નિર્જીવ છે, તેનું ઐક્ય સંપૂર્ણપણે ગૂંથણકળા કરનાર હાથ પર અવલંબે છે, જ્યારે માણસમાત્ર સમજશક્તિનાં વિકાસ (બાળપણ) સુધી જ પરાવલંબી છે. સમજશક્તિ જાગૃત થયા બાદ તે પરિસ્થિતિઓ અને ઘડતર સામે વિકલ્પો ઊભા કરવા સમર્થ છે જ. આવશ્યકતા છે માત્ર પોતાને પ્રમાણિકપણે નિહાળાવવાની, નાની થી નાની ખૂબીઓને પણ અપનાવવાની અને ત્યારબાદ તેઓનું સમન્વય સાધવાની ! હાથી જેવી પ્રબળ શક્તિ ને પણ બંધનમાં લેનાર દોરડા જેમ જ ગમે તેવી વિકટ પરિસ્થિતિઓને પણ તાબામાં લેનાર, મોટાથી મોટા લક્ષ્ય ને પણ સિદ્ધ કરનાર વ્યક્તિત્વનું નિર્માણ થશે જ !

આ તો થઈ સ્વયંની નાની-નાની ખૂબીઓના ઐક્યનાં યોગદાનની વાત. પણ જ્યારે કોઈ પણ સંસ્થાનાં નિર્માણ તથા સફળ વહીવટની વાત હોય ત્યારે પણ આ ઐક્ય એક અમોઘ શસ્ત્ર સિદ્ધ થઈ શકે છે. કોઈપણ સંસ્થાકિય ક્ષેત્રનું કાર્ય અનેક લોકોના યોગદાન પર નિર્ભર હોય છે. ત્યારે તે સંસ્થાની પ્રત્યેક વ્યક્તિની ખૂબીઓનું ઐક્ય જે તે કાર્યક્ષેત્રનાં લક્ષ્યાંકો સિદ્ધ કરવા મહત્વની ભૂમિકા નિભાવે છે નાની કે મોટી, તમામ ખૂબીઓનું વ્યૂહાત્મક સમન્વય-ઐક્ય સંસ્થાને પરિપૂર્ણ કરી સમર્થ બનાવે છે, મજબૂત બનાવે છે. જેને આપણે બોલચાલની ભાષામાં 'ટીમવર્ક' કહેતાં હોઈએ છીએ ! આપણી જ્ઞાતિમાં પણ વિવિધ ઘટકોના 'ટીમવર્ક'દ્વારા થયેલ સમાજોપયાગી કાર્યો આ ઐક્યનાં જ દૃષ્ટાંત છે. સંસ્થાનું યોગ્ય નેતૃત્વ સંસ્થાના સભ્યોની ખૂબીઓના ઐક્ય વડે વિવિધ લક્ષ્યો પ્રાપ્ત કરી શકે છે. અહીં સંસ્થાનાં ઉદ્દેશ્યો, કાર્યક્ષેત્ર, સત્તા અને શક્તિઓનાં અવલોકન સાથે જ સહકાર્યકરોની નાની નાની ખૂબીઓનું જ્ઞાન અને સમન્વય સમર્થ નેતૃત્વ સિદ્ધ કરે છે.

ચિંતન અહીં જ અટકતું નથી ! સ્વયંની નાની-નાની ખૂબીઓના ઐક્ય વડે પરિપૂર્ણ અને પ્રભાવી વ્યક્તિત્વ, કોઈપણ સંસ્થાના તમામ કાર્યકરોની નાની-નાની ખૂબીઓનું ઐક્ય પ્રભાવી અને પરિણામલક્ષી કાર્યોની પરિણતિ બક્ષે છે તેવી જ રીતે એક સ્વસ્થ, વિકસિત પ્રભાવી અને સમર્થ માનવ સમુદાયનું નિર્માણ પણ સમુદાયના, પ્રત્યેક વ્યક્તિની નાની થી નાની ખૂબીઓ, યોગ્યતાઓના ઐક્ય વડે, સુચારૂ સમન્વય

સમુદાય માટે ઉપયોગી સિદ્ધ થાય છે. અહીં સમુદાયનાં ઉદ્દેશ્યને ધ્યાને લેવાની તથા અન્યો સાથે પોતાની ખૂબીઓનો સમન્વય - ઐક્ય સાધવાની જ આવશ્યકતા રહે છે. કોઈ સંસ્થા કોઈ સમુદાય માટે કાર્યરત થાય છે ત્યારે સમુદાયની મહત્તમ વ્યક્તિઓના પ્રતિસાદનો પડઘો ઝીલીને જ પોતાના લક્ષ્ય પ્રાપ્ત કરી નવા લક્ષ્યો નિર્ધારી શકે છે. જેમ કે આપણી જ જ્ઞાતિને સંપૂર્ણપણે સ્વસ્થ, વિકસિત, પ્રભાવી અને સમર્થ બનાવવી હશે તો જે તે ઘટક ટ્રસ્ટોરૂપી સંસ્થાની તેમાં સક્રિય અને મહત્વપૂર્ણ ભૂમિકા હશે જ પરંતુ, સામે પક્ષે જે તે ઘટકના જ્ઞાતિજનો દ્વારા પણ જ્ઞાતિના કાર્યોમાં પોતાની નાની કે મોટી ખૂબીઓ, વિશિષ્ટ લાક્ષણિકતા કે યોગ્યતા તે પછી આર્થિક, વૈચારિક, બૌદ્ધિક, વાચિક કે શારીરિકરૂપે - કોઈપણ રૂપે હોય તેનો સમન્વય એક હકારાત્મક પ્રતિસાદ પૂરો પાડશે અને પરિણામે જ્ઞાતિના કાર્યો નવી ઊંચાઈએ પહુંચશે. સંપૂર્ણપણે સ્વસ્થ, વિકસિત, પ્રભાવી અને સમર્થ જ્ઞાતિ સમુદાયનું નિર્માણ અચૂક થશે જ ! ■

## શ્રી મારૂ કંસારા સોની મહિલા સત્સંગ મંડળ (ભુજ) આયોજીત

## શ્રીમદ્ ભાગવત સપ્તાહ

કારતક સુદ નોમ ગુરુવાર તા. ૨૨-૧૧-૨૦૧૨ થી કારતક સુદ પૂનમ બુધવાર તા. ૨૮-૧૧-૨૦૧૨ના રોજ શ્રીમદ્ ભાગવત સપ્તાહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ સમૂહ ભાગવત કથામાં પિતૃઓના મોક્ષાર્થે પોથીમાં ભાગ લેવા માંગતા જ્ઞાતિજનો ભાગ લઈ શકે છે. તેમના માટે રૂ. ૭૦૦૦ (અંકે રૂ. સાત હજાર) રાખવામાં આવ્યા છે.

ભાગ લેવા માંગતા જ્ઞાતિજનોને તા. ૩૧-૫-૨૦૧૨ ગુરુવાર સુધી ભાવનાબેન ચનાણી ફોન : (ઘર) ૦૨૮૩૨-૨૫૨૩૫૭, (મો) ૯૯૯૮૭૮૦૬૭૯ તેમજ નીલાબેન પોમલ ફોન : (ઘર) ૦૨૮૩૨-૨૩૦૪૯૧, (મો) ૯૪૨૯૩ ૪૧૪૫૭ માં નોંધાવવા વિનંતી.

મુખ્ય યજમાનપદે બિરાજવા માંગતા પરિવાર માટે તા. ૩૧-૫-૨૦૧૨ કંસારા બજાર, જ્ઞાતિની વાડી મધ્યે ઓછામણીનો પ્રોગ્રામ સાંજે ૫-૦૦ કલાકે રાખવામાં આવ્યો છે. મુખ્ય યજમાન બનવા માંગતા સભ્યોએ હાજર રહેવું.

**કથાના પ્રવકતા : શ્રી જનકરાય મોહનલાલ ભટ્ટ સંગીતમય કથાનું રસપાન કરાવશે.**

**મુખ્ય આચાર્ય : વ્યાસપીઠે ગોર શ્રી સુમનલાલ ત્રંબકલાલ વ્યાસ બિરાજશે.**

**પ્રારંભ :** કારતક સુદ નોમ ને ગુરુવાર તા. ૨૨-૧૧-૨૦૧૨

**પોથી યાત્રા :** મહાકાલી મંદિર (કંસારા બજાર) ૯-૦૦ કલાકે

**શ્રીરામ જન્મ :** કારતક સુદ બારસ ને રવિવાર તા. ૨૫-૧૧-૨૦૧૨, ૪-૦૦ કલાકે

**શ્રીકૃષ્ણ જન્મ :** કારતક સુદ બારસ ને રવિવાર તા. ૨૫-૧૧-૨૦૧૨, સાંજે ૫-૩૦ કલાકે

**શ્રી રૂક્ષ્મણી વિવાહ :** કારતક સુદ ચૌદસને મંગળવાર તા. ૨૭-૧૧-૨૦૧૨

**કથા વિરામ :** કારતક સુદ પુનમ બુધવાર તા. ૨૮-૧૧-૨૦૧૨, સાંજે ૫-૩૦ કલાકે

**નારાયણ યજ્ઞ :** કારતક વદ એકમ ગુરુવાર તા. ૨૯-૧૧-૨૦૧૨, સમય : સવારે ૯ થી ૧૨ કલાક સુધી

**કથા શ્રવણનો સમય :** સવારે ૯ થી ૧૨ કલાકે, સાંજે : ૩ થી ૬ કલાકે

આ પ્રમાણે કથાના શ્રવણનો લાભ લેવા સર્વે જ્ઞાતિજનોને આમંત્રિત કરીએ છીએ. કથા સ્થળ તા. ૩૧-૫-૨૦૧૨ પછી જાહેરાત કરવામાં આવશે.

### રામને વંદન - રામનવમી

રામ....

તમારું એક પત્નિવૃત - ખ્યાત
યશોગાન દિન રાત યુગ યુગ ગાવે.

***લતા કે હેડાઉ, નાગલપુર-માંડવી***

સાથે મળી સમજણના સૂર ફેલાવીએ

# મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ, ભુજ મહિલા મંડળ

રોહિણી બુદ્ધભટ્ટી, ભુજ

**ફાગણોત્સવ ઉપક્રમે આયોજીત કવિ ગોષ્ટિ**
**તા. ૧૧-૩-૨૦૧૨**



હોળી-ધૂળેટી પર્વ નિમિત્તે શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ ભુજ દ્વારા આપણી સ્વર્ણોત્તમ જ્ઞાતિ માટે નવતર કહી શકાય, એવો કાવ્ય ગોષ્ઠી (કવિ સંમેલન)નો પ્રથમ પ્રયાસ સમો કાર્યક્રમ તા. ૧૧-૩-૨૦૧૨ના રવિવારે શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળના પ્રમુખશ્રી પ્રભુદાસભાઈ ખેતશી સોનીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ પ્રસંગે મુખ્ય અતિથિ વિશેષ પદે ભુજ જ્ઞાતિ પ્રમુખશ્રી કિશોરભાઈ ચનાણી તેમજ અતિથિ વિશેષ પી જી સોની 'દાસ', જાણીતા કવિ વંચિત કુકમાવાલા, કમલભાઈ મહેતા તથા કમલેશભાઈ બુદ્ધભટ્ટી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કંસારા બજાર મધ્યે જ્ઞાતિની લગ્નવાડી ખાતે યોજાયેલા આ અનોખા કાર્યક્રમમાં દિપ પ્રાગટ્ય બાદ શ્રી પ્રભુદાસભાઈ તથા કિશોરભાઈએ આનંદની લાગણી વ્યક્ત કરીને મહિલા મંડળનાં આ કાવ્ય ગોષ્ઠી કાર્યક્રમને બિરદાવતાં વ્યક્તિગત તેમજ જ્ઞાતિ દ્વારા પણ તમામ સાથ-સહકારની ખાત્રી આપી હતી. આ પ્રસંગે વંચિત કુકમાવાલાએ આયોજકોને કાર્યક્રમ યોજવા બદલ ધન્યવાદ આપીને કવિતાઓ કેમ શ્રોતાઓ સમક્ષ રજુ કરવી એ વિષે માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે પી જી સોની 'દાસ', કમલભાઈ મહેતા તથા કમલેશભાઈએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું.

કાવ્યગોષ્ઠીનું સુચારૂ સંચાલન મંડળના પ્રમુખ લતાબેન સોલંકીએ કર્યું હતું. આ ટાંકણે ગઝલ તથા કવિતાના અંશો વ્યક્ત કરીને એમણે સ્વરચિત હિન્દી તથા ગુજરાતી રચનાઓ પેસ કરીને શ્રોતાઓની દાદ મેળવી હતી. જ્ઞાતિ માટે જરા હટકે કહી શકાય એવા કાર્યક્રમમાં ગઢશીશા (તા. માંડવી)ની ૬ વર્ષની નાની દિકરી હેની બારમેડાથી લઈને બુઝર્ગો સુધીના એ પોતાની સ્વરચિત કવિતાઓ અંગ્રેજી, હિન્દી, ગુજરાતી તેમજ કચ્છીમાં પેસ કરીને શ્રોતાઓને રસ લહાણ પિરસી હતી. જેની ઝલક આ અંકમાં આપી છે.

નાગલપર (તા. માંડવી) ની કુ. જીનલ સોલંકીએ અનુભવીની અદાથી પોતાની રચનાઓ બખૂબી પેસ કરી હતી. તો અંજારની એકતા કટ્ટાએ પણ રચનાઓ પેસ કરીને શ્રોતાઓની વાહ વાહ મેળવી હતી.

કવિ 'દાસ' એ વર્તમાન સમયમાં જ્ઞાતિમાં વધી રહેલા છૂટાછેડાનાં બનાવો વિષે લાલબત્તી ધરતાં 'વડીલોના વાંકે' ઉપરાંત હોળી-ધૂળીટે તથા 'મીઠડીમાડી' કવિતા કચ્છીમાં રજુ કરી હતી. જાનકી સાકરીયા, અરૂણાબેન કંસારા, શીતલ બારમેડા, સરસ્વતી સોલંકી, ઉદય કંસારા-નખત્રાણા, સુરેશ બિજલાણી, મુળજી કટ્ટા, ચેતના બુદ્ધભટ્ટી, લતા હેડાઉ નાગલપર (માંડવી) તેમજ ભરતભાઈ બુદ્ધભટ્ટી એ અંગ્રેજીમાં શિઘ્ર કવિતા રજુ કરી હતી.

આ પ્રસંગે આમંત્રિત મહેમાન કવિઓમાં કૃષ્ણકાંત ભાટીયા, અરૂણાબેન ઠક્કર, કમલભાઈ મહેતા, અજીત પરમાર, જયંતિ ગોસ્વામીએ પણ કવિતાઓનું પઠન કર્યું હતું. આ પ્રસંગે શ્રોતાઓએ કાર્યક્રમનો ફલક વિસ્તારવા, વર્ષમાં બે વખત કાર્યક્રમો યોજવા તેમજ સ્પર્ધાત્મક રીતે કવિઓને બિરદાવવા જેવા ઉપયોગી સૂચનો કર્યા હતા.

રવિવાર હોવા છતાં આપણી જ્ઞાતિના ભાઈઓની ખૂબજ પાંખી હાજરીનો વસવસો અમુક જાગૃત શ્રોતા બહેનોએ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ઈન્દુભાઈ સોલંકી એડવોકેટ, મહેશભાઈ કંસારા, જ્ઞાતિ યુવક મંડળના પ્રમુખ અનીલ છગાળા, નિતીનભાઈ હેડાઉ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આયોજન સુધા બુદ્ધભટ્ટી, જયશ્રી છગાળા, અરૂણા એન. બુદ્ધભટ્ટી, ભાવનાબેન બુદ્ધભટ્ટી, માલતીબેન ગુજરાતી વિગેરેએ સંભાળ્યું હતું.

જ્યારે આભાર દર્શન મહિલા મંડળના મંત્રી રોહિણીબેન બુદ્ધભટ્ટીએ કરેલ હતું. ■

ગત અંક (ડિસેમ્બર-જાન્યુઆરી)માં નો લેખ ગીતા જયંતિના લેખીકા લતાબેન કે હેડાઉ નાગલપુર (માંડવી-કચ્છ) છે. જેની નોંધ લેવા વિનંતી. - મુખ્ય તંત્રી



શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ ભુજની બહેનોએ તા. ૨-૨-૨૦૧૨ના રોજ માંડવી-કચ્છ ખાતે યોજાયેલ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી સાહેબના ‘સદ્‌ભાવના મિશન’માં તેમને શાલ ઓઢાડી અને સન્માનપત્ર અર્પણ કરી તેમનું સન્માન કર્યુ હતું. મુખ્યમંત્રીશ્રી મોદી સાહેબે સન્માન બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી લતાબેન સોલંકી, મંત્રી રોહિણી બી. બુદ્ધભટ્ટી, અરૂણાબેન બુદ્ધભટ્ટી, માલતીબેન ગુજરાતી, ભાવનાબેન વી. બુદ્ધભટ્ટી, જયશ્રીબેન છત્રાળા, સુધાબેન બુદ્ધભટ્ટી, જયશ્રીબેન બુદ્ધભટ્ટી, શીતલબેન બુદ્ધભટ્ટી, ખુશાલીબેન બુદ્ધભટ્ટી હાજર રહ્યા હતા.

## બારણે બાંધેલા તોરણની લીલપ પાછી દઈ દે

તોડી નાખ્યા સંબંધો બારણે બાંધેલા તોરણની લીલપ પાછી દઈ દે
ભોંય પર પાડેલા કંકુ પગલાની રતુંબડી લાલી પાછી દઈ દે
આકાશ તરફ જોયા ના કર, પાંપણનાં ઝબકારા પાછા દઈ દે
બટકી ગઈ છે રાતો કાંચવત કુંવારા સ્વપ્નો પાછા દઈ દે
તારા હોઠો પરથી સઘળા સુંવાળા સ્પર્શો પાછા દઈ દે
ઓરડાની ભીંતો પર પાથર્યા’તા પારદર્શી પડછાયા પાછા દઈ દે
આમ ના કર કોઈ પણ આઘાત, સ્વાભિમાન પાછા દઈ દે
**ચોરીમાં ફેરા પછી સપ્તપદીના વચનો બધા પાછા દઈ દે**
શું કરું હું આ તારા આપેલા ચંદ ચાંદીના સિક્કા
**દેવા જ હોય તો મારી પલ પલના હિસાબ પાછા દઈ દે.**

***કવિયત્રી - લતાબેન સોલંકી***
પ્રમુખશ્રી મારૂ કંસારા સોની મહિલા મંડળ, ભુજ.

**સમજણના સૂર**



ફાગણ મહિનાના ખુશ્નુમા માહોલ વચ્ચે દરેક વ્યક્તિને મહાલવું - ફરવું - રમવું આવી પ્રવૃત્તિઓ ખાસ પસંદ પડે છે. કારણકે ફાગણ એટલે જ ફાગ યાને કે ખીલવું - રમવું અને મસ્તીમાં રહેવું.

તા. ૧૪-૨-૨૦૧૨ના રોજ શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ ભુજ પણ આ ફાગણીયા વાતાવરણમાં બહેનોને રમતો રમાડી અને વિજેતાઓને ઈનામો પણ આપ્યા.

અધ્યક્ષા શ્રીમતી ઈન્દિરાબેન સોલંકી અને પ્રિતીબેન બગ્ગા એ સમગ્ર કાર્યક્રમને સુપેરે પાર પાડ્યો. લગભગ ૪૦-૫૦ જેટલી બહેનો (૧૬ થી ઉપરની ઉંમરની) એ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

ગ્લાસ પર કોઈન્સ ગોઠવવા, માથે મુકેલી ચારણી પર ચપટી ભરાવવી, રિવર્સ નંબર બોલવા, રેપીડ સ્પીડમાં વાક્ય બોલી બતાવવું જેવી વિવિધ રમતો રમાડવામાં આવી હતી. જેમાં ભાગ લેનાર બહેનોએ પોતાની બુદ્ધિશક્તિનો પરિચય કરાવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમ દરમ્યાન વાસ્તુશાસ્ત્ર અંગે શ્રીમતી સરોજબેન શાહ એ આવીને બહેનોને વિવિધ ટીપ્સ આપી હતી. ભાગ લેનાર બહેનોએ આવા કાર્યક્રમો વધુને વધુ ગોઠવવા તેવો પ્રતિભાવ આપ્યો હતો.

સમગ્ર કાર્યક્રમને પાર પાડવામાં સંસ્થાની સભ્ય બહેનોએ જહેમત ઉઠાવી હતી. સરોજબેન શાહનો આભાર માનતા તેમને સંસ્થા તરફથી પ્રતિક ભેટ આપવામાં આવી હતી. આભાર વિધી રોહિણી બુદ્ધભટ્ટી એ કરી હતી.

***મહિલા મંડળ ભુજ આયોજીત કાવ્યગોષ્ઠિમાં પ્રસ્તુત થયેલું આ હૃદયસ્પર્શી - કાવ્ય.***

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ

**રોહિણીબેન બી. બુદ્ધભટ્ટી**

આસો માસ આપણું ગુજરાતીઓ માટે ખૂબ જ મહત્વનું હોય તે પણ નવરાત્રીના નવ નવ દિવસોનો અનુષ્ઠાન પૂજા-હવન વગેરેમાં એટલા ઓતપ્રોત થઈ જતા હોઈએ છીએ કે ક્યારે રાત થઈ. આવી જ રઢિયાળી રાતોના રાસ મહિલા મંડળ-ભુજ રમાડયા. અમારી બહેનો અને બાળકોને ત્યારબાદ ફરીથી બાળકોને યાદ કરીને એમના માટે ખાસ કાર્ટૂન-ડ્રોઈંગ કલર સ્ટારોનું આયોજન કરી બાળકોને ખુશ કરી દીધા. ૩ થી ૧૫ વર્ષના બાળકો માટે આ સ્પર્ધા તા. ૪-૧૨-૨૦૧૧ના રોજ લગ્નવાડી મધ્યે સવારના ૧૦-૦૦ કલાક થી ૨-૦૦ કલાક દરમ્યાન યોજાઈ. જેમાં લગભગ ૭૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો. ત્રણ ગ્રુપમાં આ સ્પર્ધા યોજાઈ હતી. નાની વયના બાળકોને પેન્સીલ, ક્રેયોન્સ, રબર, કાર્ટૂન પિકચર વગેરે પૂરા પાડવામાં આવ્યા હતા. જ્યારે ૧૧ થી ૧૫ વર્ષના બાળકોને પેપર પર ડ્રોઈંગ કાર્ટૂન દોરી પેન્સીલ વડે જ શેડ પાડી થીમ લખવાનું હતું. આ રીતે ત્રણ ગ્રુપમાં બાળકોએ ભાગ લઈ સ્પર્ધામાં પોતાની કલાના અજવાળા પાથર્યા હતા. અધ્યક્ષપદેથી ભાવનાબેન ચનાણી તેમજ નીલાબેન પોમલે બધી વ્યવસ્થા સંભાળી હતી. મહેમાનોનું સ્વાગત પુષ્પગુચ્છ વડે મહિલામંડળના પ્રમુખશ્રી તેમજ સભ્યોએ કર્યું. નિર્ણાયકો તરીકે શ્રી પરેશભાઈ ગુજરાતી, મોનાબેન પોમલ તેમજ રીંકુબેન બીજલાણીએ સેવા આપી હતી.

નિર્ણાયક પદેથી શ્રી પરેશભાઈ ગુજરાતીએ બાળકોની કલાને વખાણી હતી તેમજ માતાઓએ પણ હાજર રહી બાળકોને પ્રોત્સાહન વધાર્યો તે બદલ તેમને અભિનંદન આપ્યા હતા. બાળકના માતા-પિતા આજના યુગમાં વધુ સમય આપી શકતા નથી તે બદલ એક દૃષ્ટાંત આપીને બાળક માતાને નિ:સહાય ન સમજે કે મા-બાપોને સમય ફાળવવા અપીલ કરી હતી. મહિલા મંડળ ભુજને તેમના તરફથી શુભેચ્છારૂપે ફંડ પ્રાપ્ત થયું હતું.

આ પ્રોજેક્ટના મુખ્ય દાતા શ્રી ભરતભાઈ બગ્ગા, શ્રી પ્રભુદાસ સોની રહ્યા હતા. તેમના તરફથી વિજેતા બાળકોને ઈનામ આપવામાં આવ્યા હતા.

ભાવનાબેન ચનાણી, નીલાબેન પોમલ મહિલામંડળ ભુજ તેમજ જમનાદાસભાઈ કે. કંસારા તરફથી સર્વે બાળકોને હળવો નાસ્તો આપવામાં આવ્યો હતો. દરેક ભાગ લેનાર બાળકોને પ્રોત્સાહન પણ આપવામાં આવ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન રોહિણીબેન બી. બુદ્ધભટ્ટીએ સંભાળ્યું હતું તેમજ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા મહિલામંડળના બધા જ સભ્યોએ ખૂબ જહેમત ઉઠાવી હતી. વિજેતાઓ નીચે મુજબ છે.

**'A' ગ્રુપ : ૩ થી ૬ વર્ષના બાળકો**

પ્રથમ : પ્રીયલ આર. બુદ્ધભટ્ટી

દ્વિતીય : રાજ એચ. બુદ્ધભટ્ટી

તૃતીય : પ્રાચી બુદ્ધભટ્ટી

ચતુર્થ : બંસીલ સાકરીયા

**'B' ગ્રુપ : ૭ થી ૧૦ વર્ષના બાળકો**

પ્રથમ : ખ્યાતી ચૌહાણ

દ્વિતીય : હર્ષવી બુદ્ધભટ્ટી

તૃતીય : હસ્તી બુદ્ધભટ્ટી

ચતુર્થ : મીરાજ સોલંકી

**'C' ગ્રુપ : ૧૧ થી ૧૫ વર્ષના બાળકો**

પ્રથમ : ભક્તિ એચ. સોલંકી

દ્વિતીય : મીરાણી બી. સોની

તૃતીય : ધૈર્યા બી. સોની

ચતુર્થ : કેશ્વી બારમેડા

સર્વે બાળકોને ખૂબ ખૂબ અભિનંદન... ■

## ઉચ્ચ શિક્ષણના મહાવિદ્યાલયો

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદ
ઈન્દિરા ગાંધી ઓપન યુનિવર્સિટી, અમદાવાદ
બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ
નિરમા એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન, અમદાવાદ
મહારાજ સયાજીરાવ યુનિવર્સીટી, વડોદરા
સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી, સુરત
ગુજરાત આયુર્વેદ યુનિવર્સીટી, જામનગર
ગુજરાત કૃષિ યુનિવર્સીટી, દાંતીવાડા
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી, પાટણ
ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સીટી, ભુજ
ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી, ગાંધીનગર

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - અંજાર

તા. ૨૦-૨-૨૦૧૨ને મહાશિવરાત્રીના રોજ અંજાર મહિલા મંડળ દ્વારા શ્રી માનકેશ્વર મહાદેવ મંદિર મધ્યે રૂદ્રીનું આયોજન કરવામાં આવ્યું હતું. અને મંડળને પાંચ વર્ષ પુરા થવાથી નવા કાર્યકાલના પ્રમુખશ્રીની વરણીનું આયોજન પણ હતું. મહાશિવરાત્રી જેવો ઉત્તમ દિવસ. રૂદ્રીનું આયોજન અને મહિલા મંડળના નવા પ્રમુખશ્રીની વરણીનું આયોજન હોવાથી બહેનોમં અનેરો ઉત્સાહ હતો. મહાશિવરાત્રીના શિવના દર્શન તેમજ



રૂદ્રીનો લાભ અને નવા પ્રમુખ તરીકે કોની વરણી થશે તે જાણવાની ઉત્સુકતા હોવાથી મંદિરમાં બહેનોની સારી એવી સંખ્યા હતી. રૂદ્રીના સમાપન બાદ શિવ-મહિમ્ન સ્તોત્રનો પાઠ કર્યો ત્યારબાદ મહિલા મંડળના પ્રમુખશ્રીની વરણીનું આયોજન હતું. અગાઉ પાંચ વર્ષ દરમ્યાન મહિલા મંડળના પ્રમુખશ્રી શાંતાબેન બારમેડા હતા. તેઓનું સફળ નેતૃત્વ તથા યોગદાનને ધ્યાનમાં લઈ ઉપસ્થિત બહેનોની બહુમતીથી તેઓની જ પ્રમુખશ્રી તરીકેની વરણી કરવામાં આવી. ત્યારબાદ પ્રમુખશ્રીના મંતવ્ય મુજબ નીચે મુજબની કારોબારીની રચના કરવામાં આવી.

**પ્રમુખ** : શ્રીમતી શાંતાબેન અમૃતલાલ બારમેડા

**ઉપપ્રમુખ** : કાશીબેન રમેશભાઈ પોમલ

**મંત્રી** : પીંકીબેન નિખિલભાઈ કટ્ટા

**સહમંત્રી** : અંજનાબેન નરેશભાઈ પોમલ

**સહમંત્રી** : રીમાબેન શૈલેષભાઈ પોમલ

**ખજાનચી** : સુશીલાબેન પ્રવિણભાઈ સાકરીયા

**સહખજાનચી** : હંસાબેન સંજયભાઈ બારમેડા

**સલાહકાર સમિતિ** : જયાબેન કાકુભાઈ બુદ્ધભટ્ટી, સ્મીતાબેન હરિલાલ વીસાપરમાર, દયાબેન હિંમતભાઈ ગુજરાતી, કુ. પૂજા શશીકાંતભાઈ બારમેડા

તા. ૧૩-૨-૨૦૦૭ના રોજ જ્ઞાતિ બહેનોની ઉપસ્થિતિમાં મહિલા મંડળની રચના કરવામાં આવી હતી. મહિલા મંડળની રચના કરવામાં કું. એકતા કટ્ટા તથા શાંતાબેન બારમેડાએ જહેમત લીધી હતી જ્યારે રૂક્ષ્મણીબેન સોલંકી, નર્મદાબેન બીજલાણી, જયાબેન બુધ્ધભટ્ટી, ભગવતીબેન કટ્ટા, અંજનાબેન પોમલ, પીંકીબેન કટ્ટા તથા રીમાબેન પોમલે સહયોગ આપ્યો હતો. મહિલા મંડળની રચનાને પાંચ વર્ષ થયા જેમ સમય જાય તેમ નવા અનુભવો થતા રહે અનુભવો અને જ્ઞાતિજનોના સહકારથી પાંચ વર્ષ દરમ્યાન મંડળે નાના મોટા કાર્યક્રમો કર્યા જેમ કે ધાર્મિક સામાજીક તેમજ મનોરંજક અને અત્યાર સુધીનું મહિલા મંડળનું ધ્યેય હતું તે પ્રાપ્ત કર્યું છે અને ભવિષ્યમાં અનુભવો અને મહેનતથી હજી ઊંચા ધ્યેયો પ્રાપ્ત કરીશું એવી નેમ છે. સંતોષથી પ્રગતિ થતી નથી. પ્રગતિ માટે એક ઊંચાઈ પ્રાપ્ત થયા પછી નવી ઊંચાઈ માટેનું ધ્યેય હોવું જોઈએ. વ્યક્તિગત હોય કે સંસ્થા હોય, પ્રગતિ કરવી હોય તો નવા સોપાન સર કરવા જોઈએ. જ્ઞાતિજનોમાંથી એવા પણ મંતવ્ય આવ્યા છે કે હવે મંડળે રચનાત્મક કાર્યો કરવા જોઈએ. મંડળને પા પા પગલી ભરતા પાંચ વર્ષ પુરા થયા છે. અત્યાર સુધી મંડળે વિવિધ કાર્યક્રમો થકી બહેનોમાં સંગઠન ઉભુ કર્યું છે અને સંગઠનથી જ બધા કાર્યો ઉકેલાતા હોય છે. ■

## હાર્દિક અભિનંદન



**શાંતાબેન બારમેડા**



**પિંકીબેન કટ્ટા**

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ 'સ્વ ઉત્કર્ષ' મહિલા મંડળ અંજારના પ્રથમ પાંચ વર્ષના કાર્યકાલ દરમ્યાન પ્રમુખશ્રી અને મંત્રીશ્રીના પદને યોગ્ય નેતૃત્વ બક્ષી શોભાવ્યા બાદ ફરી નવા કાર્યકાલ માટે વરણી થવા બદલ હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ.

આપના નેતૃત્વનો લાભ જ્ઞાતિ મહિલા મંડળને સતત સાંપડતું રહે તેવી શુભેચ્છા સહ....

***'જ્ઞાતિસેતુ પરિવાર'***

# સમસ્ત મારૂ કંસારા સોની સોલંકી યુવક મંડળ

મહાસુદ આઠમ એટલે માઈ આઠમ ગુપ્ત નવરાત્રી આ દિવસે શ્રી માતાજીની કૃપા પ્રાપ્ત કરવા માતાજીના નૈવેદ્ય, હવન, ઉપવાસ, એકટાણા કરી માતાજીને પ્રસન્ન કરીએ છીએ. તા. ૩૧-૧-૨૦૧૨ને મંગળવારના રોજ દુધઈ મુકામે શ્રી સમસ્ત મારૂ કંસારા સોની સોલંકી યુવક મંડળ આયોજિત શ્રી વારાહી માતાજી (વેરાઈ)ના નૈવેદ્ય, હવન, સમૂહ પ્રસાદ, સરસ્વતી સન્માન તેમજ નૂખભાઈઓની એક જનરલ સભાનું કાર્યક્રમ યોજેલ.



સવારે ૯-૩૦ કલાકે થી ધાર્મિક વિધીમાં હવનનું કાર્ય જ્ઞાતિના ગોર શ્રી કનકચંદ્રભાઈએ શરૂ કરાવેલ. હવનના અવસરના યજમાન તરીકે સ્વ. ગોરધનભાઈના પરિવારના સભ્યો (૧) કમળાબેન કાંતિલાલ ગોરધનદાસ (૨) ઈન્દુબેન કેશવલાલ ગોરધનદાસ (૩) સરલાબેન કનકચંદ્ર ગોરધનદાસ.

એ લાભ લીધેલ તેમજ ઉપસ્થિત દરેક ભાઈ-બહેનોએ હવનમાં આહુતિઓ આપી માતાજીના આશિર્વાદ મેળવેલા. હવનની પૂર્ણાહુતિ ૧૨-૩૦ કલાકે થયેલ. હવનના યજમાનોને મંડળ તરફથી પહેરામણી આપી સન્માનીત કરવામાં આવેલા. હવન પૂર્ણાહુતિ સાથે માતાજીના નૈવેધનો કાર્ય શરૂ થયેલ. સમૂહ નૈવેધનો પ્રસાદ માતાજીને અર્પણ કરી તે પ્રસાદ ઉપસ્થિત દરેક વ્યક્તિને આપવામાં આવેલ. આજના હવન તેમજ ભોજન પ્રસાદનો સંપૂર્ણ ખર્ચ યજમાનશ્રીઓએ ભોગવી માતાજીને પ્રસન્ન કરી તેમની કૃપાનો લાભ લીધેલ. ઉપરોક્ત ધાર્મિક વિધી સાથે સાથે જનરલ મિટીંગનું કાર્ય ૧૨-૦૦ કલાકેથી શરૂ કરવામાં આવેલ આજની મિટીંગ મંડળના પ્રમુખ શ્રી કિશોરભાઈના પ્રમુખ સ્થાને મળેલ અને તેમની સાથે મંચ પર અન્ય વડીલોમાં (૧) શ્રી ચમનલાલ વેલજી - ભચાઉ (૨) શ્રી પ્રાણલાલ જેરામ - ગાંધીધામ (૩) શ્રી દેવકરણ રાઘવજી - અંજાર (૪) શ્રી બાબુભાઈ દામજી - ભચાઉ (૫) શ્રી ચંદુલાલ રતિલાલ - દુધઈ (૬) શ્રી કિર્તીકુમાર કેશવજી - ભુજ (૭) શ્રી અમૃતલાલ જેઠાલાલ - ભુજ વગેરે બિરાજેલ.

મિટીંગની શરૂઆત કરતા મંત્રી શ્રી નવીનભાઈ એ ઉપસ્થિત દરેક ભાઈ-બહેનોનું શાબ્દીક સ્વાગત સાથે કાર્યવાહી શરૂ કરેલ ત્યારબાદ ગત મિટીંગનું વાંચન કરેલ. ત્યારબાદ ખજાનચી શ્રી ગિરીશભાઈએ વાર્ષિક હિસાબો રજૂ કરેલ. જે બહાલ કરવામાં આવેલ. મંત્રીશ્રીએ મિટીંગનું કામ આગળ ચલાવતા જણાવેલ કે માતાજીના પીઠ પાછળ ખાલી પડેલ પ્લોટ



વેચાણ માટેની ઓફર મળેલ છે. તેમની રજુઆત પર ઉપસ્થિત સભ્યોએ તે પ્લોટ તેમજ મંદિરને લાગુની કોઈપણ જમીન મળતી હોય તો ખરીદવાનું જણાવેલ.

અન્ય સુચનોમાં આદિપુર નિવાસી શ્રી નિખીલ હરેશભાઈએ વકીલ, ડોક્ટર કે તેવી ઉચ્ચ ડિગ્રી ધારણ કરનારનું સિલ્વર મેડલથી સન્માન કરવાનું રજુઆત કરેલ અન્ય સુચન ભુજના શ્રી મિતેષભાઈ ભુપેન્દ્રભાઈ એ એજ્યુકેશન ફંડ ઉભુ કરવાની રજુઆત કરી હતી.

સરસ્વતી સન્માનનું કાર્ય શરૂ થતા આ વર્ષે ૧૫ વિદ્યાર્થીઓને મંચ પર ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સન્માન પત્ર સાથે પ્રતિક ઈનામો આપી સન્માનીત કરેલા જેમાં

જીનલ અનિલભાઈ - નખત્રાણા - ધો. ૧૦

નેહાબેન ગિરીશભાઈ - અંજાર - ધો. ૧૦

કૈવલ્ય જીજ્ઞેશભાઈ - ભુજ - ધો. ૧૦

પ્રિયંકા નિતીનભાઈ - ભુજ - ધો. ૧૦

હિર હિતેનભાઈ - ભુજ - ડિપ્લોમા ઈન ઈન્ફોરમેશન ટેક.

ચાર્મી અતુલભાઈ - વડાલી - F.Y. BCA

મયુરી કેશવલાલ - ભુજ - S.Y. BBA

મોનીકા કિશોરભાઈ - ગાંધીધામ - T.Y. B.Com

જીનલ પ્રવિણભાઈ - માંડવી - T.Y. B.Com

જીતેન પંકજભાઈ - ભુજ - મિકેનિકલ એન્જીનીયરીંગ

નિખીલ હરેશભાઈ - આદિપુર - સિવીલ એન્જીનીયરીંગ

મિતેષ ભુપેન્દ્રભાઈ - ભુજ - CAIPCC

ઉર્વી જયેશભાઈ - સામત્રા - 'વાંચે ગુજરાત' અભિયાનમાં ભાગ લેવા બદલ

કિશન સુરેશભાઈ - ભુજ - ફોટોશોપ આફ્ટર ઈફેક્ટ

ભક્તિ સુરેશભાઈ - ભુજ - નેશનલ ડ્રોઈંગ કોમ્પીટીશનમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કરવા બદલ.

આજના આ સન્માનિતોને જે પ્રતિક ઈનામો અપાયા તેના દાતાશ્રી ચમનલાલ વેલજી - ભચાઉવારા રહેલા તેઓએ સન્માનીતોને અભિનંદન સાથે આગળ વધવાની શીખ આપેલ આજના પ્રસંગે શ્રી સુરેશભાઈ તથા શ્રી અમૃતલાલ - ભુજ વારાઓએ નૂખભાઈઓ તરફથી મળેલ માહિતીના આધારે પાંચ-પીઢી થી તેર-પીઢી સુધીના સાત નાના મોટા પરિવારના આંબાના સ્કેચો બનાવેલ જે વધુ માહિતી મળે તે હેતુથી જાહેરમાં મુકેલા. શક્ય તેટલી વધુ માહિતી મેળવી મંદિરમાં મોટો આંબો બનાવી મુકવાનો ઈરાદો બતાવેલ.

આજના આ પ્રસંગે ભુજ, અંજાર, નખત્રાણા, રવાપર, વિરાણી, માંડવી, આદિપુર, ગાંધીધામ, ભચાઉ, રાજકોટ, જામનગર, મુંબઈ, વડોદરા, ધાનેરા, વડાલી, તલોદ, ખેડબ્રહ્મા વગેરે ગામોથી મોટી સંખ્યામાં ભાઈ-બહેનો હાજર રહેલા.

અંતમાં મંત્રીશ્રીએ ઉપસ્થિત દરેક સભ્યો તથા ભૂમિદાન, સન્માન ખર્ચ, ધાર્મિક ખર્ચ, પાટોત્સવ નિમિત્તે દાન આપનારા સર્વનો આભાર માની કાર્યક્રમ પૂર્ણ થયેલ જાહેર કરેલ.

મિટીંગ અને સન્માનનું કાર્ય ૧-૩૦ કલાકે પુરુ થતાં સમૂહ ભોજન પ્રસાદનું કાર્યક્રમ શરૂ કરેલ જે ૨-૩૦ કલાકે પૂર્ણ થયેલ.

આજના આ કાર્યક્રમને સફળ બનાવવામાં મંડળના પ્રમુખ - કિશોરભાઈ, મંત્રી - નવીનભાઈ, ખજાનચી ગિરીશભાઈ તથા ઉમેશભાઈ - હિતેષભાઈ - ગિરીશભાઈ કિશોરભાઈ - નટવરલાલ - રાહુલભાઈ - યોગેશભાઈ પ્રશાંતભાઈ - જયેશભાઈ - પરેશભાઈ વિગેરેએ ખૂબ જ જહેમત ઉઠાવેલ. ■

## મા સતી મેઘબાઈ માનો પાટોત્સવ

શ્રી મારુ કંસારા સોની જ્ઞાતિના બુદ્ધભટ્ટી દામાણી કુટુંબના મા સતી મેઘબાઈ માનો પાટોત્સવ ભુજમાં તા. ૧૨-૧-૨૦૧૨ના રોજ ધામધૂમથી ઉજવવામાં આવ્યો. જેમાં દામાણી પરિવારના સ્વ. સુરેશભાઈ લાલજી બુદ્ધભટ્ટી પરિવાર તરફથી હવનવિધી તેમજ કુટુંબના સમૂહ પ્રસાદનું આયોજન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે જ્ઞાતિ કારોબારી, યુવક મંડળ કારોબારી તેમજ મહિલા મંડળ, કારોબારીના સભ્યો આમંત્રણને માન આપી ઉપસ્થિત રહ્યા હતા.

સાંજે જ્ઞાતિના સત્સંગ મંડળ દ્વારા સત્સંગે વ્યવસ્થા કરવામાં આવેલ જેમાં જ્ઞાતિની બહેનોએ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી. સાંજે ૬-૩૦ કલાકે આરતી તેમજ પ્રસાદ શ્રી શીવલાલ મોતીલાલ બુદ્ધભટ્ટી તરફથી આયોજન કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા દામાણી પરિવારના સક્રિય કાર્યકર શ્રી હરેશ રમેશભાઈ બુદ્ધભટ્ટી, રાજેશ મગનલાલ બુદ્ધભટ્ટી, જીગર મોહનલાલ બુદ્ધભટ્ટી, પરેશ રામદાસ બુદ્ધભટ્ટી, ભૂપેન્દ્ર ભાઈલાલ બુદ્ધભટ્ટી, બકુલ નાનાલાલ બુદ્ધભટ્ટી, દિલિપભાઈ લાલજી બુદ્ધભટ્ટી તેમજ પરિવારની બહેનોએ જહેમત ઉઠાવી હતી.

***- રાજેશ મગનલાલ બુદ્ધભટ્ટી***

## રાજ્યકક્ષાની એથ્લેટિક સ્પર્ધામાં ભુજનો મંથન પોમલ પ્રથમ વિજેતા...



એંકરવાલા સરસ્વતી વિદ્યાસંકુલમાં ધોરણ-૭ માં અભ્યાસ કરતા તેજસ્વી છાત્ર મંથન વિનયભાઈ પોમલએ રાજ્યકક્ષાની એથ્લેટિક રમતમાં ઉત્કૃષ્ટ દેખાવ કરીને સુવર્ણ ચંદ્રક મેળવ્યો છે.

પ્રાંતિય વિભાગની રાજ્યકક્ષાની ઉંઝા મુકામે યોજાયેલી આ સ્પર્ધામાં ૧૦૦ મીટર દોડમાં મંથને પ્રથમ સ્થાન મેળવ્યો હતો. આપણી જ્ઞાતિના છાત્રે કરેલા ઉમદા દેખાવ બદલ શાળા પરિવાર, સ્નેહીઓ તથા જ્ઞાતિસેતુ વિગેરેએ અભિનંદન પાઠવી તેની સિદ્ધીને બિરદાવી હતી. આથી અગાઉ મંથને ભચાઈ ખાતે જીલ્લા-કક્ષાની સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક હાંસલ કર્યો હતો. અભ્યાસમાં હંમેશા પ્રથમ સ્થાન મેળવતો મંથન હવે નવેમ્બર માસમાં રાષ્ટ્રકક્ષાએ એથ્લેટિક સ્પર્ધામાં ભાગ લેવા મથુરા જશે. એથ્લેટીક્સ ક્ષેત્રે ઝળહળતી સિદ્ધિ પ્રાપ્ત કરનાર મંથન 'સેતુ'ના હાર્દિક અભિનંદન અને ઉત્તરોત્તર પ્રગતિ સાધે તેની શુભેચ્છાઓ.

***'જ્ઞાતિસેતુ પરિવાર'***

# સંસારના ત્રણ સેનાપતિઃ સાસુ, શ્રીમતી ને પતિ

પ્રેષક : અતુલ સોની

સાસુ-વહુનો ઝઘડો સંસારની સૌથી જૂની યુદ્ધકથા છે. દર ત્રીજા ઘરમાં સાસુ-વહુ વચ્ચે સંઘર્ષ થતો હોય છે. દીકરાની દશા બંને બાજુએથી વહેરાતા લાકડા જેવી થાય છે. એ નથી માને કહી શકતો, નથી પત્નીને કહી શકતો. (બોલે તો બા રિસાય... ન બોલે તો નવોઢા રિસાય !)

પોતાની દીકરીથી ઘીની આખી બરણી ઊંધી વળી જાય તો પણ મા તેને ક્ષમા કરી દે છે અને વહુથી એક પળી તેલ ઢોળાયું હોય તેટલામાં તેને 'જલીકટી' સંભળાવે છે. આવો ભેદ શા માટે ? એ સંદર્ભે વાઈલ્ડ લાઈફની વીડિયો કેસેટમાં જોયેલી એક ઘટના મને યાદ આવી. એમાં જોવા મળ્યું કે વાઘણ હરણની ગરદન જે દાંતો વડે પકડે છે તે જ દાંતો વડે પોતાનાં નાનાં બચ્ચાંને સ્થળાંતર પણ કરાવે છે. દાંત તે જ હોય, પણ પહેલી ઘટનામાં દાંત પાસેથી એ શિકારીનું કામ લે છે. બીજી વાર તે જ દાંત એક માના મમતાભર્યા દાંત બની રહે છે. મોટા ભાગની સાસુઓ બે જોડ ચશ્માં રાખે છે. એક દીકરીને જોવા માટેનાં અને બીજાં વહુને જોવા માટેનાં. (વહુ પાસે પણ ચશ્માની બે પેર હોય છે. બહુ ઓછી વહુઓ પોતાની સાસુને માતાની આંખથી જુએ છે.)

એક વાર હું ટ્રેનમાં જઈ રહ્યો હતો. સામેની સીટ પર બેઠેલી એક સ્થૂળકાય મહિલા તેની નવોઢા દીકરીને શિખામણો આપી રહી હતી. 'તારી સાસુ બહુ હરામી છે... અને વર માવડિયો છે. વરને તારા તાબામાં રાખજે, નહીં તો અઢાર માણસનો પરિવાર છે. રોટલા ઘડતાં તારા હાથોમાં છાલાં પડી જશે. વહેલી તકે અલગ ચૂલો માંડવા તારા વરને સમજાવજે. નહીંતર બધાંનું વૈતરું કરવામાં વહેલી ડોશી થઈ જઈશ... !' સ્ટેશન આવ્યું એટલે વાત અટકી. ગાડી ઊપડી એટલે ફરી એ મહિલાએ શિખામણો આપવા માંડી. પરંતુ આ વખતે પાત્ર બદલાયું. બીજી બાજુ એનો દીકરો બેઠો હતો તેને કહે : 'તારી વહુને પહેલેથી જ દાબમાં રાખજે, નહીં તો બેત્રણ મહિનામાં જુદો ચૂલો માંડવાની જીદ લઈ બેસશે. હાથખર્ચી પણ પચાસ માગે તો પાંચ જ પકડાવજે... બહુ છૂટો દોર મૂકીશ તો માથે છાણાં થાપશે, સમજ્યો... ?' એક જ મોઢેથી બે અલગ અલગ શિખામણો સાંભળી મન વિચારે ચઢી ગયું. 'તારા વરને વશમાં રાખજે' એવું દીકરીને ખાનગીમાં સૂચવતી મહિલા બીજી તરફ પોતાનો દીકરો વહુનો ન થઈ જાય તેની તકેદારી રાખવાનું ચૂકતી નથી. ન્યાયનો ધરમકાંટો એક જ... પણ વહુ માટેનાં કાટલાં જુદાં અને દીકરી માટે જુદાં !

એક પ્રસંગનું સ્મરણ થાય છે. એક ઘરમાં બારે માસ સાસુ-વહુ, દેરાણી-જેઠાણી વગેરેના ઝઘડા થતા હતા. એ કુટુંબમાં તેમના ગુરુ પધાર્યા. સૌએ નિખાલસભાવે ગુરુને પોતપોતાની ફરીયાદ કરી. ગુરુ રમૂજી પ્રકૃતિના હતા. એમણે હસીને કહ્યું : 'મેં નહોતું ધાર્યું કે મારી સમક્ષ આવી સાંસારિક ફરિયાદો આવશે !' ગુરુએ એમની બાજુમાં બેઠેલા ઘરના મોટા દીકરાના બરડે ધબ્બો મારી હસીને કહ્યું : 'આ એન્જિન રગશિયું ગાડું બની ગયું છે... ગાડીના ડબ્બાઓના ઝાઝો વાંક નથી. હેડમાસ્તર પલાયનવાદી છે. વિદ્યાર્થીઓ વચ્ચે ઝઘડો થાય ત્યારે તે આંખો બંધ કરી તમાશો જોતો રહે છે. આગ લાગે ત્યારે બંબાવાળો રિસેશમાં ચાલ્યો જાય તો આવું જ બને !'

વાત સાંભળી દીકરો બોલ્યો : 'સ્વામીજી, આ લોકો અંદરોઅંદર કારણ વગર લડ્યા કરે તેમાં મારો શો દોષ ?'

સ્વામીજી બોલ્યા : કારણ વિના કશું થતું નથી. આગ લાગ્યા વિના ધુમાડો નીકળતો નથી. પેટ્રોલ છાંટ્યા વિના આગ લાગતી નથી. સૌપ્રથમ તારે સૌના દિમાગમાંથી પેટ્રોલના કેરબા અને દીવાસળી દૂર કરવા પડશે. લાયબંબાવાળા આગનું કારણ શોધવા ઘટનાસ્થળે જતા નથી. આગ ગમે તે કારણે લાગી હોય તેમણે તો સત્વરે આગ બુઝાવવાનું કામ કરવાનું હોય છે !'


દીકરાએ કહ્યું : 'સ્વામીજી, હું શી રીતે આગ બુઝાવું ? કોઈ મારી વાત માનતું નથી.'

સ્વામીજીએ જરા ગંભીર થતાં કહ્યું : 'સંસારના ત્રણ સેનાપતિ ગણાય. ત્રણે ભેગા મળી બુદ્ધિપૂર્વકના નિર્ણયો લે તો જ જીવનમાં સુખશાંતિ સ્થપાય. લશ્કરના સેનાપતિથી કદી એવાં બહાનાં ન કઢાય કે સૈનિકો મારો હુકમ માનતા નથી. તું સંસારનો સેનાપતિ છે. તારી પાસે વડીલપણાનો વટહુકમ છે. તારા ખભે જ જવાબદારીની ધૂંસરી છે. માણસની ઉંમર વધે એટલે તેને વડીલ ગણવામાં આવે છે. પણ વડીલપણાનો ખરો સંબંધ તેના અનુભવ, કોઠાસૂઝ કે દૂરંદેશિતા સાથે હોય છે. ઉંમર વધવાથી આપોઆપ તારી ગણના વડીલમાં થઈ ગઈ, પણ વડીલને છાજે તેવું વ્યવહારુ જ્ઞાન કે આયોજનદક્ષતા તું દાખવી શક્યો નથી. એ કારણે તારા ઘરનાં માણસો અંદરોઅંદર ઝઘડે છે. હું સંન્યાસી છું. કુશળ વડીલનાં લક્ષણો સમજાવવાનું મારું ગજું નથી. પણ મારી સામાન્ય બુદ્ધિ એવું કહે છે કે જ્યાં સુધી કૌટુંબિક ઝઘડાનો સવાલ છે ત્યાં સુધી ઘરકામોની અન્યાયી વહેંચણીમાંથી મોટા ભાગની બબાલ ઊભી થાય છે. એથી સૌને સરખે ભાગે કામ વહેંચાયાં છે કે નહીં તે ચકાસી લેવું. તે છતાં ઝઘડા થાય તો સૌને એક રૂમમાં ભેગાં કરી દરેકની વાત ધ્યાનથી સાંભળવી અને સત્યના ધરમકાંટા પર પૂરી ઈમાનદારીથી ન્યાય તોળવો. માતાની ભૂલ હોય તો માને નમ્રતાપૂર્વક તેમની ભૂલ બતાવવી. પત્નીની ભૂલ જણાય તો તેને પણ બે શબ્દો કહેવા. પ્રારંભમાં તું જેની ભૂલ બતાવીશ તેને તારો ચુકાદો નહીં ગમે. પણ ધીરજ રાખી, કશાય ડંખ વિના અને ખાસ તો શાંતિથી વાત કરવી. પ્રારંભે જ શરત

*શેષ પૃષ્ઠ ૨૪ પર....*

# શ્રી અખિલ ભારતીય કચ્છી મારૂ કંસારા સોની મહામંડળ

## સામાજીક સમિતિ




સૌજન્ય : હૈયાનો હસ્તમેળાપ ગુર્જર ગ્રંથ રત્ન કાર્યાલય સાભાર

| | | |
|---|---|---|
| **પ્રભુલાલ ખેતશી સોની** | **શિવલાલ શામજી સોની** | **પ્રેમજીભાઈ કેશવજી સોની** |
| **પ્રમુખશ્રી** | **ચેરમેન - સામાજીક સમિતિ** | **મહામંત્રી** |

**સૌજન્ય : ગીરીશભાઈ કે. સોની (જી. કે. એન્ટરપ્રાઈઝ) અમદાવાદ**

**સમજણના સૂર**

# આપણી જ્ઞાતિમાં બનતા સગાઈ અને લગ્ન તૂટવાના બનાવો રોકવા અંગે

**સુરેશભાઈ પ્રાગજી સોની, માંડવી**

*પ્રમુખશ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - માંડવી*



સગાઈ અને લગ્ન એ કોઈપણ વ્યક્તિના જીવનની મહત્વની બાબત છે. સગાઈ-લગ્નની સફળતાનો આધાર ઘણી બાબતો પર રહેલો છે. જેના પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ કે જેથી સંબંધોની નિષ્ફળતા અટકાવી શકાય. સૌ પ્રથમ સગપણ નક્કી કરતી વખતે ભાવાવેશમાં ન આવીને અને ઉતાવળ ન કરીને નિર્ણય લેવો જોઈએ. બંને પક્ષો વચ્ચે કોઈ સત્યનિષ્ઠ અને જવાબદાર વ્યક્તિને રાખવા જોઈએ કે જે બંને પક્ષોમાંથી કોઈ એક પક્ષ તરફ પક્ષપાત રાખ્યા વગર બંને પક્ષોની મદદ કરી શકે. આ દ્વારા બંને પક્ષોએ એકબીજાની સાચી પરખ કરવી જોઈએ. અંતિમ નિર્ણય મુખ્ય પાત્રો પર મૂકવો જોઈએ. જેઓને સગપણ નક્કી કરતાં પહેલાં મુક્ત મને વાત કરવા માટે તક આપવી જોઈએ કે જેથી ભવિષ્યમાં નિષ્ફળતાઓનો સામનો ન કરવો પડે. બંને પક્ષોએ કોઈપણ પ્રસંગમાં લેવડ-દેવડ વૃત્તિને મહત્વ ન આપતાં વ્યાવહારિક રીતે વર્તવું જોઈએ. જેથી અરસપરસ માન અને લાગણી જળવાઈ રહે.

સગાઈ કે લગ્ન પછી શ્વસુરગૃહે આવેલી કન્યા માટે પિતૃગૃહ કરતાં જુદુ વાતાવરણ હોઈ શકે છે. ઘરની રહેણીકરણી તેમજ રીતરિવાજોથી તે અજાણ હોય છે. આવા સંજોગોમાં શ્વસુરગૃહના સભ્યો જો નવવધુને એ સમજવા માટે પુરતો સમય આપ્યા વિના અપેક્ષાઓ રાખે તો, નવી વ્યક્તિ તે અપેક્ષાઓ પૂરી કરવા સક્ષમ ન હોવાને કારણે હીનભાવના અનુભવે છે. નાની નાની બાબતોમાં પણ કલેશનું વાતાવરણ સર્જાય છે. આવા સંજોગો ઉપસ્થિત ન થાય તે માટે માતાપિતાએ પોતાના સંતાનોને પ્રથમથી જ એવા સંસ્કાર આપવા જોઈએ કે તેઓ નવવધુ સાથે ખૂબ જ સારી રીતે હળીમળીને રહી શકે. આમ છતાં પણ જો પિતૃગૃહેથી આવેલી કન્યા અને શ્વસુરગૃહના કોઈ સભ્યો વચ્ચે ખટરાગ જેવી પરિસ્થિતિ સર્જાય ત્યારે ઘરના વડિલોએ સમદૃષ્ટિથી તેમજ નવવધુ પ્રત્યે કૂણી લાગણીથી બંને પક્ષો સાથે બેસીને "I am something" નો પ્રોબ્લેમ એક બાજુ મૂકીને શક્ય હોય ત્યાં સુધી ત્રીજી વ્યક્તિને જાણ ન થાય તે રીતે સમસ્યાનો ઉકેલ લાવવા પ્રયાસ કરવા જોઈએ.

સગાઈ અને લગ્ન વચ્ચેના ગાળામાં બંને પક્ષો વચ્ચે સારા પ્રમાણમાં અવરજવર થતી રહે છે. આ ગાળા દરમિયાન બંને પક્ષોના મન ખૂબ જ સારી રીતે મળી જાય છે. આમ છતાં, જો અમુક બાબતોનું ધ્યાન રાખવામાં ન આવે તો સંબંધોનો અંત આવી જાય છે. એવું ન થાય તે માટે બંને પક્ષે મહત્વની બાતબો અંગે સ્પષ્ટતા કરી લેવી જોઈએ.

લગ્ન થયા પછી સાસરાપક્ષે પોતાની પુત્રવધુ પ્રત્યે માયાળુ વર્તન રાખવું જોઈએ તેમજ એનું સ્વમાન જાળવવું જોઈએ. વડીલોએ એમના ઘરના રીતરિવાજ તેમજ રહેણીકરણી વિષે પુરતી સમજ આપ્યા પછી પુત્રવધુને એ પ્રણાલી મુજબ Adjust થવા માટે પૂરતો સમય આપવો જોઈએ. તેમજ પુત્રવધુના ઘરની રીતભાત તેમજ રહેણીકરણી એની પાસેથી સમજીને શક્ય તેટલી જ અપેક્ષાઓ રાખવી જોઈએ.

આ જ પ્રમાણે દીકરીના પિતૃપક્ષના દરેક સભ્યોએ જમાઈને પોતાના પરિવારના અગત્યના સભ્ય તરીકે માન અને લાગણી આપવા જોઈએ. પુત્રવધુએ પણ પોતાની જવાબદારી સારી રીતે સમજીને ઘરમાં પ્રેમથી રહેવું જોઈએ. બંને પરિવારની પ્રત્યેક વ્યક્તિએ એમના પરિવારનો હિસ્સો બનતા સભ્યને પૂર્ણ પ્રેમ અને સહકારથી અપનાવવો જોઈએ. જો આ બધી બાબતોનું ધ્યાન રાખવામાં આવે અને તેનું નિષ્ઠાથી પાલન કરવામાં આવે તો સગાઈ અને લગ્ન તૂટવાના કિસ્સાઓમાં ઘટાડો થઈ શકે અને આવા આદર્શ પરિવારના ઉદાહરણ થકી સમાજમાં સંઘર્ષોનું પ્રમાણ અવશ્ય ઘટશે અને ઘણા લોકોને એમનું જીવન સાર્થક કરવામાં મદદ થશે તેવી આશા સાથે...

## કેટલાક સમુદાયલક્ષી સૂચનો

૧. શહેર અને ગામડાની વિસંગતતા દૂર કરી એકસૂત્રતા જળવાય તેવા કાનુન બનવા જોઈએ.
૨. સગાઈ તેમજ લગ્ન વખતે જ્ઞાતિ સંગઠનના સભ્યોએ સાથે રહી, સંબંધો નક્કી કરવા જોઈએ.
૩. શિક્ષિત સમાજને શોભે, મહાજન શબ્દ સાર્થક થાય તેવા રીત-રીવાજો સ્થાપિત કરવા જોઈએ.
૪. સંબંધ બંધન ઉપર જ્ઞાતિમંડળ મહામંડળની મધ્યસ્થી રહે તેવી વ્યવસ્થા થવી જોઈએ.
૫. ઓલ ઈન્ડીયા લેવલે શ્રી મારૂ કંસારા જ્ઞાતિના નિયમો એક સરખા હોવા જોઈએ.
૬. શિક્ષિત જ્ઞાતિ આગેવાનોએ સમાજને મજબૂત કરવા માટે, આર્થિક ફંડ માટે 'હાર્ડ ટુ હલ' પ્રયાસ કરવો જોઈએ.
૭. આજના શિક્ષિત યુવાનો તેમજ મહિલાઓ આ કાર્યમાં રસ લેતા થાય તેમજ સંબંધ વિચ્છેદ સમાધાન પ્રયાસોમાં યુવાનો અને મહિલાઓએ સંપૂર્ણ સહકાર આપવો જોઈએ.

**- શ્રી સોની રમેશચંદ્ર રાઘવજીભાઈ લાયચા કોટડા (જડોદર)**

# શ્રી અખિલ ભારતીય કચ્છી મારૂ કંસારા સોની મહામંડળ

## સામાજીક સમિતિ

## લગ્ન સંબંધ - વિચ્છેદ સમસ્યા

# સમાધાન અભિયાન

### સમજણના સૂર



**શ્રીમતી લતાબેન સોલંકી**

**પ્રમુખ - શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ**

*લગ્ન સંબંધ છે દિવ્ય કલ્પ વૃક્ષ*
*દામ્પત્ય વસંતમાં ખિલશે નવા ફૂલ*
*અહમ્ છે પાનખર, રાખો એને દૂર*
*આપણી વચ્ચે બસ પાંગરે* **સમજણના સૂર**

| | | |
|---|---|---|
| **પ્રભુલાલ ખેતશી સોની** | **શિવલાલ શામજી સોની** | **પ્રેમજીભાઈ કેશવજી સોની** |
| **પ્રમુખશ્રી** | **ચેરમેન - સામાજીક સમિતિ** | **મહામંત્રી** |

**સૌજન્ય : સોની હિરાલાલ મોહનલાલ - નખત્રાણા (પાંજી દુકાન)**

## *યુવા પેઢી વિચારે...* સમજણના સૂર



લગ્ન એક આધ્યાત્મિક સાધના છે. આ એક એવું પ્રેમ બંધન છે. જેમાં ક્ષમતા, વિપ્રતા અને સુયોગ્યતાનો માપદંડ જો લગ્નનો આધાર બનાવીને લગ્ન સંબંધ જોડવામાં આવે તો પતિ-પત્ની બંનેનું જીવન સુખમય બને. નારીમાં આધ્યાત્મિકભાવ, શ્રદ્ધા-ભક્તિ અને ઈશ્વર કૃપા હોય તો તેનામાં ચારિત્ર્ય બળ પર તેજસ્વિતા નિર્ભય રહે છે. પતિ-પત્નીનું દાંપત્યજીવન રથના બે પૈડા જેવું હોય છે. બંનેમાં યોગ્યતા અને સહકારિતા રહેવાથી જીવન સુખપૂર્વક ચાલે છે. બંને એકબીજાના પુરક બની રહે તો પરસ્પર પ્રેમભાવના વધે છે.

જ્ઞાતિ સેતુ ગયા વખતના અંકમાં સદ્‌ગુરુ સંદેશમાં આપણા અંજારના પૂજનીય ગોરબાપા કનકચંદ્ર વ્યાસ દ્વારા સંદેશ વાંચ્યો તેઓ હંમેશાં આપણી જ્ઞાતિને એક બોધ આપે છે કે મારૂ કંસારા ઉચ્ચ જ્ઞાતિ છે આવા બોધિત શબ્દ કહીને આપણને ઉચ્ચ જ્ઞાતિનો ઉપદેશ આપે છે જે સંસ્કારો બ્રાહ્મણમાં હોય તેવું જીવન આપણે પણ બનાવીએ.


લગ્ન વિચ્છેદ સમસ્યાની તો શીવલાલભાઈ જે અભિયાન સંદર્ભે સંદેશો આપ્યો તેમને સમાજ હિતેચ્છુઓની ચિંતા રહી છે. મહામંડળ દ્વારા સમાધાન અભિયાનનો સમજણના સૂર જે લોકશિક્ષણ શરૂ કરેલ તેને મહિલા મંડળ સમર્થન આપે છે. લગ્ન વિચ્છેદ વિશે બે શબ્દ નારી વિશે લખું છું. દેશ કંઈ તરફ જઈ રહ્યો કે સમાજ કંઈ તરફ જઈ રહ્યો છે. પણ નારી કંઈ તરફ તરફ જઈ રહી છે. તેનું દુઃખ થાય છે. નારી સુધરે તો ઘર સુધરે અને ઘર સુધરે તો સમાજ સુધરે. ૩૦ થી ૪૦ વર્ષ પહેલા પણ એવું બનતું કે સાસરેથી દિકરી પાછી આવતી ત્યારે મા કહેતી કે બેટા પેટે સમાણી તો હાંડલે સમાઈશ આજ ન પેટે સમાય છે ન હાંડલે. દિકરી સાસરે જાય પછી દિકરીના પિતા રોટલાની જવાબદારી નથી લેતા. તો માવતરે આવેલી દિકરીને વિચારવું જોઈએ કે મારું સ્થાન ક્યાં છે.

આજ દિકરો હોય કે દિકરી સ્વચ્છંદી બની ગયા છે. જ્યારે સગપણની વાત ચાલતી હોય ત્યારે તેઓ પરસ્પર પસંદ કરે ત્યારે બંનેના માતા-પિતા વડીલો સાગઈની વાત કરી શકે. જ્યારથી આવું થવા જઈ રહ્યું છે ત્યારથી લગ્ન સંબંધી વિચ્છેદ થતા રહ્યા છે. પણ સમય અને જીવન સુધારવું હોય તો વડીલોની મર્યાદામાં રહી અને કાર્ય કરે તો ધીરે-ધીરે સુધારો આવશે. માટે આ સમજણની જરૂર આજની યુવા પેઢીને છે તેથી યુવા પેઢી વિચારે તો જ સુધારો આવી શકે.

**- શાંતાબેન બારમેડા (અંજાર)**

**પ્રમુખ, શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ-અંજાર**

---



મહામંડળની સામાજીક સમિતિના ચેરમેન શ્રી શિવલાલભાઈ અને સેતુના વ્યવસ્થાપક સમિતિના ચેરમેન શ્રી મનુભાઈ કોટડીયા એ સ્થાનિક પ્રમુખો પાસેથી અભિપ્રાય મંગાવ્યા છે તે બહુ જ સારી વાત છે.

સામાજીક સમિતિએ સમાધાન અને સમજણના સૂરનો જે અભિયાન શરૂ કરેલ છે તે પણ બહુ સારી વાત છે.

હવે આપણે વાત કરીએ સમાધાનની જે દંપતિઓમાં અંટસ પડી ગયા હોય કે એકબીજામાં મનદુઃખ થયા હોય તેવા દંપતિઓ આમને આમ બહુજ ટાઈમ પાસ કરી નાખે છે તેના બદલે દંપતિઓએ પોતાની સમસ્યા સમાધાન સમિતિ અથવા સ્થાનિકમાં જ વડીલને અથવા જ્ઞાતિના મુરબ્બીશ્રી પાસે રજુ કરે તો એનો કાંઈક રસ્તો નીકળે અને પોતાની સમસ્યાઓ તરત જ રજુ કરવી જોઈએ.

સમસ્યાઓ રજુ નથી કરતા અને બહુ જ ટાઈમ પાસ કરી નાખે છે પછી વાત સીધી છુટાછેડા પર પહોંચી જાય છે. જેમ કે અસાધ્ય રોગની જાણ આપને પહેલેથી થઈ જાય છે. તેવા રોગની પણ સારવારથી મટી જાય છે. તેવી રીતે પોતાની સમસ્યાને સ્થાનિકમાં પણ વડીલ કે જ્ઞાતિ મુરબ્બીશ્રી પાસે રજુ કરવાથી કાંઈક રસ્તો જરૂર નીકળે.

સમાધાન સમિતિ પાસે સમસ્યાઓ આવશે તો જરૂર સમજણના સૂર નીકળશે. બાકી તો માતાજી બધાને સદ્‌બુદ્ધિ આપે. જય સમાજ.. જય માતાજી..

**જયંતિભાઈ સાકરીયા - મુંબઈ જ્ઞાતિ પ્રમુખ**

# શ્રી અખિલ ભારતીય કચ્છી મારૂ કંસારા સોની મહામંડળ

## સામાજીક સમિતિ

## લગ્ન સંબંધ - વિચ્છેદ સમસ્યા

# સમાધાન અભિયાન

## સમજણના સૂર

**ભારતીય લગ્ન સંબંધી કાનૂનમાં પારિવારીક ભાવના**

### હિન્દુ લગ્ન ધારો - ૧૯૫૫

**સુશ્રી બાલાબેન ઠક્કર** (એમ.એ.એલ.એલ.બી.) એડવોકેટ, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ. એમના 'કચ્છશ્રુતિ' પરિવાર વિશેષાંકમાં પ્રકાશીત લેખમાં ભારતીય લગ્ન સંબંધી કાનુનમાં પારિવારિક ભાવના વિષે લખે છે કે.... ''આ ધારો હિંદુ પરિવારના લગ્ન સંબંધોને આવરી લે છે. લગ્ન છૂટાછેડા, ન્યાયિક અલગતા, ચાલુ કાર્યવાહીએ ભરણપોષણ અને કાયમી ભરણપોષણની જોગવાઈઓ વિગેરે બાબતો પર પ્રકાશ પાડે છે. કુલ ૩૦ કલમો ધરાવતો આ કાયદો પારિવારિક ભાવનાની જાળવણીમાં સારો એવો ભાગ ભજવે છે.''

આ કાયદાની કલમ-૨૩ મુજબ પતિ-પત્નીના લગ્ન-વિષયક ઝઘડાઓમાં અદાલતે શક્ય હોય ત્યાં સુધી, સમાધાનના પ્રયાસો કરવા એમ જણાવી ન્યાયતંત્રની ભૂમિકા સ્પષ્ટ જણાવી છે. અને એટલા માટે જ છૂટાછેડાના પ્રસંગે ન્યાયાધીશશ્રી પક્ષકારો વચ્ચે પ્રેમ અને વાત્સલ્યનું ઝરણું ખરેખર સુકાઈ ગયું છે કે કેમ તે પ્રથમ ચકાસે છે. જો કેસની હકીકત પરથી પક્ષકારોમાં અરસપરસ સ્નેહની માત્રા જોવા મળે, તો એવા કિસ્સામાં ન્યાયાધીશ છૂટાછેડાનુ હુકમનામું આપતા નથી.

*''આવો.. આપણે સહુ સાથે મળી*
*પારિવારિક ભાવનાના સામર્થ્યે*
*સંબંધ-વિચ્છેદ સમસ્યામાં*
*સમાધાનના પ્રયાસો કરીએ.''*

| પ્રભુલાલ ખેતશી સોની | શિવલાલ શામજી સોની | પ્રેમજીભાઈ કેશવજી સોની |
|---|---|---|
| પ્રમુખશ્રી | ચેરમેન - સામાજીક સમિતિ | મહામંત્રી |

**સૌજન્ય : નર્મદા જ્વેલર્સ - અંજાર**

# લગ્ન સંબંધ વિચ્છેદના નવ (પૂર્વ) ગ્રહો

**હર્ષા સોની (રાયપુર)**

ડિસેમ્બર-૨૦૧૧ / જાન્યુઆરી-૨૦૧૨ જ્ઞાતિ સેતુ અંકમાં 'સદ્ગુરુ' સંદેશ લગ્ન સંસ્કારનું 'સાર્થક્ય' માં પૂજ્ય શ્રી કનકચંદ્ર વ્યાસ (અંજાર) અને પૂજ્યશ્રી સુમનલાલ ત્રંબકલાલ વ્યાસ (ભુજ) ટૂંકમાં ગોરબાપાના જણાવ્યા અનુસાર સોળ '૧૬' સંસ્કાર માનો એક સંસ્કાર એટલે 'વિવાહ' (લગ્ન) સંસ્કાર જેવા ધર્મ, અર્થ, કામ, મોક્ષ, આદી પ્રાપ્તિની ભાવનાથી ગૃહસ્થાશ્રમમાં ડગ માંડવું.

આધુનિક લોકો આ ચારમાંથી લગભગ વચ્ચેના બે એટલે કે અર્થ, કામ નેજ મહત્વ આપે છે, ધર્મમાં આવતા ગૃહિણીધર્મ, પત્નીધર્મ, માતૃત્વધર્મ ને આજની યુવા ગૃહિણીઓને બહુ પસંદ નથી આવતું. તેવી જ રીતે આજના યુવાનોને પણ આ બધું ઓછું પરવડે છે. મારા મત મુજબ તો આજના યુવા યુવક-યુવતીને આ બધુ બોજારૂપ લાગે છે. વડિલોનો સાથ કે તેમની કોઈ રોકટોક પસંદ નથી આવતી. સ્વતંત્રતા જોઈએ પછી ભલે તેમાં સ્વતંત્રતા કરતાં સ્વછંદતા વધુ હોય, અર્થની દ્રષ્ટિએ જોઈએ તો બંને પક્ષે નોકર ચાકર, બંગલા, મોટર, નોકરી-ધંધાને વધુ મહત્વ આપે છે. પાત્રની યોગ્યતા, સંસ્કારને ગૌણ ગણે છે.

યુવતીઓ પગભર થવા માંડી તો નમ્રતા હોવાની સાથે-સાથે થોડી ઘમંડતા પણ ભળવા માંડી છે, તેથી આર્થિક દ્રષ્ટિએ સુખી હોય છતાં લગ્ન સંસ્કારમાં 'લગન' ઓછી થવા માંડી અમે લાંબી દૃષ્ટિ ટૂંકી થવા માંડી છે. લગ્ન સંસ્કારરૂપી ગાંઠનું ગઠબંધન ઢીલું થવા માંડયું છે અને થોડું વધારે ખેંચતાણ થતા તે તૂટવા માંડ્યું છે.

કામ અને મોક્ષને લઈએ તો આધુનિક લોકો મોક્ષને વાહિયાત માને છે અને કામને કોઈ ગામ નથી, તેમ આધુનિક સગવડને કારણે થયું છે લગ્ન તૂટવાના કારણોમાં ગણાવી શકાય તેવા કારણો નીચે મુજબ હોઈ શકે.

૧. લગ્ન માટે વડીલો તરફથી થતી ઉતાવળ
૨. છોકરા-છોકરીઓમાં જાણકારીનો અભાવ
૩. વર-વધુ તેમજ સગાઓના અહમ
૪. સહનશક્તિનો અભાવ
૫. ક્યારેક અર્થ (ધન)નું પ્રલોભન
૬. જાજું ભણતર ઓછુ ગણતર
૭. ભણેલા-ગણેલામાં પણ જોવા મળતી રૂઢિવાદિતા.
૮. જમાઈને દિકરો કહેવો અને ગણવો તેમ વહુને દીકરી કહેવી અને ગણવી એ આ યુગમા પણ મુશ્કેલ જ છે.
૯. વડીલો છોકરાઓને લગ્ન માટે તો સમજાવી લે પણ છોકરા છોકરી 'લગન' (રૂચિ) ન હોય.

આવા બીજા પણ અનેક કારણો હોઈ શકે.

સંબંધ વિચ્છેદના સમાધાનમાં સહકાર આપી લગ્ન જીવન સુમધુર બનાવીએ, ચાલો આવા નાના-સુના કારણોનો સમજદારીથી ઉકેલ લાવીએ. સમજણના સૂર કેળવીએ.

## બાબુલાલ રવજીભાઈ સોની



**પ્રમુખ-મારૂ કંસારા સોની સમાજ-નલિયા-કચ્છ**

શ્રી મારૂ કંસારા સોની સમાજના સમગ્રને ભાવપૂર્વક નમ્ર આત્મનિવેદન કરતા અને સર્વે પરિવારોને સમાજમાં રહેલા સુસંસ્કારોની આપણા વડીલોએ આપેલી વાતો- વિચારીએ અને તેનું અનુકરણ થાય એવી પ્રત્યેક કુટુંબ પાસે પ્રાર્થના છે.

હાલના અત્યંત નાજુક સમયમાં સંસ્કારોને બચાવવા કઠણ છે. ત્યારે સમજપૂર્વક વિચારીએ કે આપણાં સમાજમાં સગપણ, લગ્નફોક કે વિછેદ જેવું સૌથી મોટું દૂષણ ધ્યાનમાં આવે છે.

અરસ-પરસ ગમે તે પ્રકારે થતા મનદુઃખ અથવા પરસ્પર પ્રેમભાવમાં ક્યાંક ઓછાપણુ થવાથી, સમાજને અમુક માધ્યમો દ્વારા વિકૃત વિચારો દ્વારા પોતાની સમજ પોતાના સંસ્કારો ભુલાઈ જતાં આવું બધું બનતુ હોય છે. આવી નાની નાની બાબતોમાં સમાજનાં પ્રત્યેક ભાઈ-બહેનો, મન, વચન અને કર્મથી સજાગ બની રહીએ એવી મા કાલીકાને પ્રાર્થના કરીએ.

## હંસરાજ ડુંગરશી સોની



માજી પ્રમુખ, સોની સમાજ નલીયા-કચ્છ

**સમગ્ર મારૂ કંસારા સોનીને અમારું નમ્ર નિવેદન**

આપણા સમાજમાં સગપણ લગ્ન ફોક કરવા વિછેદ કરવા તે વાત સામાન્ય બની ગઈ છે. તો તે માટે અમારું મંતવ્ય છે કે દિકરીના સાસરા તરફથી ઓછો પ્રેમ ભાવ અથા દિકરાના સાસરા તરફથી ઓછો પ્રેમભાવ મલવાથી એક બીજાના આવા મનદુઃખથી અથવા અણસમજથી આવા કારણ બને છે. તો તેના નિરાકરણ માટે દિકરાના અને દિકરીના માવિત્રો તરફથી બહુ જાગૃત રહેવું જરૂરી છે તો આવા સગપણ અથવા લગ્ન કાયમ ટકી રહેશે. આ બાબતમાં હવે સમાજે બહુ જાગૃત રહેવું જરૂરી છે.

# શ્રી અખિલ ભારતીય કચ્છી મારૂ કંસારા સોની મહામંડળ

## સામાજીક સમિતિ

## લગ્ન સંબંધ - વિચ્છેદ સમસ્યા

# સમાધાન અભિયાન

## સમજણના સૂર

**મહામંડળ સામાજીક સમિતિના અધ્યક્ષનું સમસ્ત જ્ઞાતિજનો/વડિલો જોગ નમ્ર નિવેદન**



*આપણા સમાજમાં શ્રીમંત, ગરીબ અને મધ્યમ એમ બધા જ વર્ગના પરિવારોમાંના કેટલાક લગ્ન સંબંધ - વિચ્છેદ સમસ્યાથી પ્રભાવિત થયા છે, થતા રહે છે.*

*આપણે શિક્ષિત, અર્ધશિક્ષિત કે અશિક્ષિત ત્રણે વર્ગના સભ્યોએ, પ્રવર્તમાન સંયોગોમાં વિચારવું જોઈએ કે આવતી પેઢીને આ સમસ્યાથી કઈ રીતે મુક્ત રાખી શકાય. એના સમાધાન હેતુ સર્વપ્રથમ આપણે એ સમસ્યાનું હાર્દ સમજવું જોઈશે. અતઃ મારું આપણા તમામ જ્ઞાતિ ઘટક પ્રમુખશ્રીઓને નમ્ર નિવેદન છે કે જો શક્ય હોય તો સમસ્યાગ્રસ્ત પરિવારોનો સંપર્ક કરી તેમની સમસ્યા સમજવા પ્રયાસ કરીએ.*

*અમને વિશ્વાસ છે કે જ્ઞાતિ વડિલો આ સમસ્યાની ગંભીરતા લક્ષમાં લઈ એમના વિસ્તારમાં આવા કોઈ સમસ્યાગ્રસ્ત પરિવારો હોય તો તેમનો સંપર્ક કરી તેમની સમસ્યા સમજવાનો પ્રયાસ કરશે.*

*શિવલાલ શામજી સોની*
**અધ્યક્ષ**
સામાજિક સમિતિ મહામંડળ

સાથે મળી
સમજણના સૂર
કેળવીએ

| | | |
|---|---|---|
| **પ્રભુલાલ ખેતશી સોની** | **શિવલાલ શામજી સોની** | **પ્રેમજીભાઈ કેશવજી સોની** |
| **પ્રમુખશ્રી** | **ચેરમેન - સામાજીક સમિતિ** | **મહામંત્રી** |

**સૌજન્ય : સોની પ્રેમજી ગોવિંદજીભાઈ (કે. જે. જ્વેલર્સ) ભુજ**

# સંબંધ - લગ્ન - સગાઈ અને વિચ્છેદ અંગે મંતવ્ય



## શ્રી સોની રમેશચંદ્ર રાઘવજીભાઈ લાયચા

**કોટડા (જડોદર) તા. નખત્રાણા-કચ્છના જ્ઞાતિ પ્રમુખ તેમજ મહામંડળ સામાજીક ન્યાય સમિતિના સભ્ય**

છેલ્લા થોડાક સમયથી જ્ઞાતિ સેતુના માધ્યમથી સમાજને માર્ગદર્શન, જાગૃતિ, પ્રગતિ તેમજ ઉગતી પ્રતિભાઓને ઉપર લઈ આવવા ખૂબ અભિનંદન.

અખિલ કચ્છી મારૂ કંસારા મહામંડળ છેલ્લે મળેલ સામાન્ય સભામાં સામાજીક ન્યાય સમિતિની અનિવાર્યતા અંગે ઊંડાણપૂર્વક ચર્ચા વિચારણાના અંતે સમિતિની નિયુક્તિ કરવામાં આવી. સમિતિ સમક્ષ લગ્ન - સગાઈ - ફોક સમસ્યા અગ્રસ્થાને છે.

હું એક ગ્રામ્ય વિસ્તારનો સામાન્ય સભ્ય છું. અલ્પ શિક્ષણ અને સામાજીક કાર્યોના અનુભવનો અભાવ છતાં જેટલું અને જેવું થઈ શકે તેવું સમાજહિત મેં જીવનમાં વણી લીધું છે.

સામાજિક સમિતિના ભાઈશ્રી શીવલાલ મૈચાની ધગસ અને પ્રેમથી તેમજ ‘સમજણના સૂર’ વિચાર ક્રાંતિ અને ચેતના સેતુ એ પુરા જોશથી આ કાર્યને ગતિશીલ કરેલ છે, તે અંગે ધન્યવાદ.

આ સિવાય ભુજ સોની જ્ઞાતિ આયોજિત સમુહ લગ્ન નખત્રાણા - અંજાર - માંડવી, ગાંધીધામ પણ સક્રિય કાર્ય કરી. શિક્ષણ, આરોગ્ય પાટોત્સવ વિગેરે કાર્યક્રમો થાય છે. જે સરાહનીય છે.

પરંતુ સમયના વહેણ સાથે જ્ઞાતિ સંગઠન સફળતા પ્રાપ્ત નથી કરી શકતું. કાંઈક ખૂટે છે. તેવો ભાવ મનમાં ઉત્પન્ન થાય છે. ભુજ જ્ઞાતિના પરિચયમાં આ અંગે ચિંતન બેઠક કરી આયોજીત ઠોસ કદમ માટે પણ અભિનંદન.


**‘અભિયાન’ને આપના પ્રોત્સાહન અને સહયોગી ભાવના બદલ આભાર... સામાજીક સમિતિ** ■

---

### શ્રી અખિલ ભારતીય કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહા મંડળ

**કલા સાંસ્કૃતિક સમિતિના સભ્યોની યાદી**

સુધા અમૃતલાલ બુદ્ધભટ્ટી - ચેરપર્સન
જયશ્રી જયંતીલાલ બુદ્ધભટ્ટી - ભુજ
જયશ્રી અનિલભાઈ છત્રાળા - ભુજ
જીજ્ઞા રાજેશભાઈ સોલંકી - ભુજ
સિલ્કી દિપેશભાઈ ગુજરાતી - ભુજ
ચૌલા મનોજભાઈ કટ્ટા - ભુજ
બીના સમીરભાઈ (ગોહીલ) કંસારા - ભુજ
વૈશાલી ઈન્દુલાલ બુદ્ધભટ્ટી - ભુજ
રીટા જગદીશભાઈ બુદ્ધભટ્ટી - ભુજ
રંજનબેન હસમુખભાઈ મહીયા - માધાપર
પિન્કી નિખીલભાઈ કટ્ટા - અંજાર
ખુશ્બુ મીતલભાઈ બારમેડા - અંજાર
સુરૂચિ મૌલિકભાઈ બારમેડા - અંજાર
દિપ્તી નિલમભાઈ બુદ્ધભટ્ટી - અંજાર
દક્ષાબેન કાન્તિલાલ કટ્ટા - નખત્રાણા
હેતલબેન ભાવેશભાઈ પોમલ - નખત્રાણા
પ્રકાશભાઈ કાન્તીલાલ કટ્ટા - નખત્રાણા
ડોલરભાઈ હંસરાજભાઈ પરમાર - નખત્રાણા
જીનલ પ્રવિણભાઈ સોલંકી - માંડવી
ભામિનીબેન હરેશભાઈ બારમેડા - નલીયા
શારદાબેન રમેશભાઈ લાયવા - કોટડા - જડોદર
અતુલભાઈ શંકરલાલ બગ્ગા - અમદાવાદ
મનીષા મેહુલભાઈ બારમેડા - નલોદ - સાબરકાંઠા
નીશા ડોલરભાઈ સાકરીયા - મુંબઈ
શીવાંગી પંકજભાઈ પોમલ - રાયપુર



અમે છૂટા થયા તેનું ‘ફેરવેલ ફંકશન’ રાખ્યું છે. જરૂરથી પધારશો... રોકડ સિવાયની કોઈ ભેટ સ્વીકાર્ય નથી. .. રાજહંસ

## કુર્યાત સદા મંગલમ્

# શ્રી અખિલ ભારતીય કચ્છી મારૂ કંસારા સોની મહામંડળ

## સામાજીક સમિતિ

## લગ્ન સંબંધ - વિચ્છેદ સમસ્યા

# સમાધાન અભિયાન

## સમજણના સૂર

### વડીલોનાં વાંકે

આજ સામાન્ય બાબતે, ક્યાંક સંબંધો ટૂટી જાતા...
ક્યાંક વડીલોનાં વાંકે, આજ સંતાનો સલવાતા...

ઉભય પક્ષે વાદ વિવાદમાં, મતભેદો ઉભા થાતા...
પછી વાતનું વતેસર થઈ, અંતે છૂટાછેડા લેવાતા... વડીલોનાં વાંકે.

નવલા વેવાઈઓમાં, પ્રારંભે હેત અતી ઉભરાતા...
પછી કજીયા-કંકાસોથી, સંબંધો કાયમ ગંધાતા... વડીલોનાં વાંકે.

ક્યાંક અહંમ માટે, કોર્ટ કચેરીનાં ચક્કર કપાતા...
પછી છૂટા થવા ઘરમેળે, રૂપિયા લાખો લેવાતા... વડીલોનાં વાંકે.

વગર વિચાર્યે ક્યાંક, પાણી પીને ઘર પૂછાતા...
પછી થાકી-હારીને, અંતે નશીબને દોષ દેવાતા... વડીલોનાં વાંકે.

મને કમને આજ મૌન રહીને, મોભીઓ શાંત બેઠાં...
સંગઠન શક્તિથી જ પ્રશ્નો જરૂર ઉકેલાતા ... વડીલોનાં વાંકે.

સ્વર્ણીમ સમાજને આ શોભતું નથી 'દાસ'
જો સુર સમજણનાં મળે તો, સંબંધો ક'દિ ન કપાતા... વડીલોનાં વાંકે.

**પી જી સોની 'દાસ'-ભુજ**

| | | |
|---|---|---|
| **પ્રભુલાલ ખેતશી સોની** | **શિવલાલ શામજી સોની** | **પ્રેમજીભાઈ કેશવજી સોની** |
| **પ્રમુખશ્રી** | **ચેરમેન - સામાજીક સમિતિ** | **મહામંત્રી** |

**સૌજન્ય : સોની હિંમતભાઈ બેચરદાસ - નખત્રાણા**

# છૂટાછેડા માટે ઘર મેળે ભાવતાલ નક્કી કરવા વ્યાજબી નથી..

પી જી સોની 'દાસ' - ભુજ

માણસ હંમેશા કોઈનો સાથ અને સહકાર ઝંખે છે અને એટલે જ એ કુટુંબમાં બધાની સાથે રહેવાની ઈચ્છા રાખે છે. આ કારણથી જ સમાજમાં 'લગ્ન' નામની સાંસ્કૃતિક વ્યવસ્થા કરવામાં આવી છે. લગ્નને પવિત્ર બંધન કહેવાયું છે. માટે જ એને જીવનભર નિભાવવાની પતિ-પત્ની બંનેની નૈતિક ફરજ છે. સાથે પરિવારે પણ સ્નેહ અને સમજદારીથી આ પવિત્ર બંધનનું જતન કરવાનું છે. આવા પવિત્ર સંબંધને આપણે અપવાદ બાદ કરતાં સાવ નજીવા કે સામાન્ય કારણોસર તોડી નાખીએ છીએ, એ આપણી સ્વર્ણીમ અને સંસ્કારી જ્ઞાતિ માટે સારી નિશાની નથી. આજે આપણી જ્ઞાતિમાં છૂટા છેડાનું પ્રમાણ ભયજનક રીતે વધી રહ્યું છે. જે જ્ઞાતિ હાલમાં સંગઠીત થવા માટે સંનિષ્ઠ પ્રયત્નો કરે છે ત્યારે આવા બનાવોથી સમાજમાં શ્રેષ્ઠીઓ-મોભીઓ જરૂર આઘાતની લાગણી અનુભવતા હોય છે.

આજે જ્યારે આપણી જ્ઞાતિ ગ્રામ્ય, તાલુકા વિભાગ અને મહામંડળ સ્તરે સંગઠીત છે ત્યારે સમાધાનનો માર્ગ મૂકીને કોર્ટમાં જવું કે છુટા થવા માટે ઘર મેળે અથવા વકીલોને વચ્ચે રાખી ભાવ તાલ નક્કી કરવા એ બાબત વ્યાજબી નથી. ઉભય પક્ષે મતભેદો પછી મનભેદો વધે અને પછી તિરાડો પડતી હોય છે ત્યારે નજીકના સગા સંબંધીઓ સાથે રહીને ઉભય પક્ષોને સમાધાનનાં માર્ગે લાવવાના પ્રયત્નો કરતા જ હોય છે. પણ એ અપૂરતા અને અધકચરા હોવાથી એમાં ખાસ્સો સમય નિકળી જતો હોય છે. અંતે વાત છૂટા છેડા પર આવીને ઊભી રહેતી હોય છે. તેમાં પણ દુઃખદ અને આશ્ચર્યજનક બાબત એ હોય છે કે ક્યાંક દિકરીપક્ષનો વાંક દેખાતો હોવા છતાં અસામાન્ય કે ગેરવ્યાજબી મોટી રકમની માંગ કરાય છે અને દિકરાપક્ષને એ રકમ મજબૂરીથી ગમે તેમ કરીને પણ ચૂકવવી પડતી હોય છે. અહીં દિકરો કે એનો પરિવાર હંમેશા નિર્દોષ જ હોય છે એમ કહેવાનો મારો મુદ્દલે આશય નથી.

આજનાં ભૌતિકવાદનાં જમાનામાં સંતાનોનો ખાસ ખ્યાલ રાખવો જોઈએ, તેનાં ગમા-અણગમા વિષે વિચારવું જોઈએ. ખાસ કરીને દિકરી પક્ષે આ બાબતમાં વ્યવહારિક દૃષ્ટિએ વધારે બાંધછોડ કે જતું કરવાની ભાવના હોવી જોઈએ. કારણકે દિકરા કરતાં દિકરીને વધારે સહન કરવું પડતું હોય છે. જુવાન દિકરી જ્યારે આ પરિસ્થિતિમાં ઘેર બેઠી હોય ત્યારે મા-બાપ માટે મોટી ચિંતાનો વિષય હોય છે અને એ તો જેના પર વિતતી હોય છે એ વધારે જાણતા હોય છે.

આમ તો સામાન્ય રીતે તમામ પાસાંઓ તપાસીને - વિચારીને સંબંધો બંધાતા હોય છે. છતાં પણ ક્યાંક કમનસીબે કે કોઈકના ભરોસે વિશ્વાસ મૂકીને સંબંધો બંધાઈ જતા હોય છે. પછી આવા અનઈચ્છનીય બનાવો બનતા હોય છે. અમુક કિસ્સાઓમાં પોતાનો અહમ પોષવા સંબંધીત પુત્ર કે પુત્રીના ભવિષ્યનો ખ્યાલ કર્યા વગર કોર્ટમાં સાવ ખોટે ખોટા કેસો કરવા એ બંને પક્ષો માટે ઉચીત નથી.

આ ગંભીર અને મહત્વનાં પ્રશ્ને સમાજના મોભીઓએ ખાસ ચિંતન કરવાની જરૂર છે. સમાજ પાસે પ્રશ્ન આવે કે ન આવે છતાં આપણી જ્ઞાતિનો પ્રશ્ન છે, આબરૂનો સવાલ છે એ ન્યાયે પણ નિવેળો લાવવા સમાધાનના તમામ સંનિષ્ઠ પ્રયાસો કરવા જોઈએ. અને સંબંધીત પક્ષોએ પણ સમાજનાં અગ્રણીઓને આ પ્રશ્ને સુપેરે વાકેફ કરવા જોઈએ. અહીં સવાલ એ પણ ઉદ્ભવે છે કે સંબંધીત પક્ષો મોભીઓની કેટલી આમન્યા જાળવે છે ? એમનું કેટલું માન મરતબો જાળવે છે ? આના માટે મોભીઓએ પણ ખાસ વિચાર કરવાની જરૂર છે. સંગઠનની નિયમિત બેઠક બોલાવવી જોઈએ. ધંધામાંથી સમય ફાળવીને સમાજના ઉત્કર્ષ માટે કંઈક કરી છૂટવાની ભાવના તત્પરતા ઈચ્છાશક્તિ હોવી જરૂરી છે. 'સંઘે શક્તિ કલૌયુગે' એ ઉક્તિ અનુસાર સમાજનાં હિત ખાતર સંગઠનનું સ્થાન પ્રસ્થાપિત કરવા યોગ્ય દિશામાં આગળ વધવાનો સમય તો જો કે ક્યારનોય પાકી ગયો છે અને સમાજ આની રાહ જુએ છે. જાગ્યા ત્યારથી સવાર.

હવે જ્યારે આપણા મહામંડળે લગ્ન સંબંધ વિચ્છેદ સમસ્યા અંગે જ્ઞાતિસેતુના માધ્યમથી સર્વગ્રાહી અભિયાનનો પ્રારંભ કરેલ છે અને સામાજીક સમિતિની રચના કરેલી છે. ત્યારે સમિતિના ચેરમેન શીવલાલભાઈ સોની તથા એમની ટીમ પાસે સમાજ અપેક્ષા રાખે એ સ્વાભાવિક છે અને આ નવનિર્મિત સમિતિ પણ હકીકતમાં આ અતિ મહત્વનાં પ્રશ્ને સવેળા સક્રિય બને એજ અભ્યર્થના... ■

# શ્રી અખિલ ભારતીય કચ્છી મારૂ કંસારા સોની મહામંડળ

## સામાજીક સમિતિ

## લગ્ન સંબંધ - વિચ્છેદ સમસ્યા

# સમાધાન અભિયાન

## સમજણના સૂર

### ગૃહસ્થ જીવનમાં ખુશ રહેવાનું સપ્તક

❖ જીવનમાં આવે તડકાને છાયા
પતિ-પત્ની વચ્ચે ઓછી ન થાય માયા

❖ જોડવાથી પહેલા સાત વાર વિચારો
જોડાયા પછી તોડવાનું ક્યારે ન ધારો

❖ જો હોય સાચી લાગણી તો પતિ-પત્ની
વચ્ચે ક્યારેય ન હોય કોઈ માગણી

❖ પરસ્પર 'સોરી' કહો

❖ ગુસ્સો ન કરો

❖ એક બીજાને દુઃખી ન કરો

❖ પરસ્પર જૂઠું ન બોલો

**દંપતિ જો કેળવશે આ સૂર**
**તો નિખરશે - બન્ને ના નૂર**

પ્રસ્તુતી - સોની શિવલાલ શામજી - અંજાર

| પ્રભુલાલ ખેતશી સોની | શિવલાલ શામજી સોની | પ્રેમજીભાઈ કેશવજી સોની |
|---|---|---|
| પ્રમુખશ્રી | ચેરમેન - સામાજીક સમિતિ | મહામંત્રી |

**સૌજન્ય : સોની સુરેશભાઈ પ્રાગજીભાઈ એન્ડ સન્સ - વૃંદાવન જ્વેલર્સ - માંડવી**

# આપણાં પરિવારો : મણકો (૫)

તુલસીદાસ કંસારા

દાદા હો દિકરી, વાગડમાં ના દેશો રે લોલ... ગુજરાતના આ લોકગીતોમાં જે પ્રદેશને વખોડવામાં આવેલ છે, અને ચોમાસે વાગડ ભલો કહીને એક દોહામાં જેના વખાણ કરવામાં આવેલ છે, તેવા આજથી અગિયાર વર્ષ પહેલાં ધરતીકંપની ફોલ્ટ લાઇનમાં હોવાને કારણે નષ્ટ-નાબુદ થઇ ગયેલ વાગડના ભચાઉ શહેરમાં વસતા સોલંકી પરિવારની વાતથી આપણે આ મણકાની શરૂઆત કરીએ.

સોલંકી નુખ પણ, અગાઉ ચર્ચા કરી ગયેલ છીએ તે મુજબ ભચાઉ ક્ષત્રિય મૂળ દર્શાવે છે. હાલમાં જ આ અગાઉની મુલાકાત લેવાનું થયું અને શ્રી હરિલાલભાઇ દામજી સોલંકી (ઉ.વ.૭૫+) ને મળવાનું થયું. તેમની પાસે પુરાણો અને ઉપનિષદોનું કલેકશન જોઇને પ્રભાવિત થયો. તેમના કુટુંબના ભચાઉના આગમન વિશે પૂછતાં, તેમણે તો પટારામાંથી જૂના ચોપડા કાઢીને સાત પેઢીનો ઇતિહાસ કહી આપ્યો અને ભચાઉથી ૧૮-૨૦ કિ.મી.ના અંતરે આવેલ મૂળ આમરડી ગામના આ સોલંકી પરિવારના શ્રી દામજી ઓધવજી કંસારા ભચાઉમાં પગ મૂકનાર પહેલા કંસારા હતા તે જાણવા મળ્યું. તેમણે વીસમી સદીના બીજા કે ત્રીજા દાયકામાં ભચાઉમાં એક ઓટલા ઉપર પાન-બીડી વહેંચવાની શરૂઆત કરેલ. આ સોલંકી પરિવારના સાતમી પેઢીએ પહેલા પુરુષ હતા જેવત, અને તેમની છઠી-પાંચમી-ચોથી પેઢીએ એમ ચઢતા ક્રમમાં આવે ઓધવજી-કલ્યાણજી-મોરારજી-નાનજી-જેવત. અઢારમી સદીના છેવાડા ઉતરાર્ધમાં (૧૭૮૬-૧૮૦૧) કે જ્યારે કચ્છમાં બારભાયાનું રાજ સ્થપાયેલ એ ભુજને રા'રાયધણના જુલ્મોથી બચાવવા માટે જમાદાર ફતેહમોહમદે આગેવાની લીધેલ ત્યારના સમયમાં કદાચ આ સોલંકી પરિવારે વાગડમાં આમરડી



મુકામે મુકામ કરેલ હશે. અહિં સોલંકી નુખ ધરાવતા આપણા અન્ય પરિવારો આ મોરારજી-મૂળજી-નાનજી-જેવત માંના કોઇ નામો સાથે સંકળાયેલ હોય તો તેમની માહિતી મોકલાવી શકે છે.

શ્રી હરિલાલભાઇ તે દામજીભાઇના પુત્ર થાય અને તેમના સંતાનોમાં રામજીભાઇ (અત્યારે માધાપરમાં સોના-ચાંદીના દાગીના બનાવવા તેમજ વહેંચવાનો વ્યવસાય કરે છે) શાંતિલાલ ભચાઉમાં જુના એસ.ટી. રોડ ઉપર દામજી ઓધવજી કંસારાના નામે હોલ-સેલમાં ચીજવસ્તુઓ (પાન, બીડી, સોપારી, તંબાકુ, પીપરમેન્ટ, બિસ્કીટ વગેરે) વહેંચવાની દુકાન ધરાવે છે. ભગવાનજીભાઇ ટેલરીંગ શોપ ધરાવે છે. તેમજ ધનશ્યામે સોપારીને પાઉચમાં પેંકીગ કરવાનું નાનુ યુનિટ ઉભુ કરીને ગરીબ બહેનો માટે ઘરમાં બેસી કામકાજ કરવાની તક ઉભી કરેલ છે. શ્રી હરિલાલભાઇના નાનાભાઇ સ્વ. ખેંગારભાઇ માધાપરમાં રહેતા હતા અને તેમના ચાર પુત્રો પણ ભુજ-માધાપરમાં રહીને પોતપોતાનો વ્યવસાય-નોકરી કરે છે. શ્રી હરિલાલભાઇએ ધરતીકંપના આફટરશોકમાં તેમના પત્ની ગુમાવ્યા અને અત્યારે નિવૃત્તિમાં પણ થોડા સમય માટે દુકાનની સંભાળ લ્યે છે. તેમના સિવાય પણ ભચાઉમાં અત્યારે એકાદ કુટુંબ કદાચ તેમના પિતરાઇનું રહે છે.

અન્ય સોલંકી પરિવારોમાં આપણી જ્ઞાતિમાં ભુજમાં સોની હરિરામ રવજી અને નરભેરામ રવજીના કુટુંબો છે. જેમાંથી મારી જાણ મુજબ શ્રી પ્રાણલાલભાઈ, તે નરભેરામભાઇના પુત્ર બુલીયન મર્ચન્ટ એસોસીએશનના પ્રમુખ તરીકે હાલે અગત્યની જવાબદારી સંભાળી રહેલ છે. અત્યારે બજેટ પછી સોનીકામમાં રોકાયેલ કારીગરો તેમજ વેપારીઓની લડત અને હડતાલ સરકારશ્રીએ નવી દાખલ કરેલ એકસાઇઝ ડયુટીને કારણે રેકોર્ડ રાખવાની જવાબદારી ખૂબ જ વધી જાય છે તેની સામે ચાલુ થયેલ છે તેમાં તેઓ કચ્છ બુલિયન મર્ચન્ટના આગેવાન તરીકે સબળ નેતૃત્વ પુરું પાડી રહેલ છે. આ સિવાય અન્ય જગ્યાએ અનેક સોલંકી પરિવારો હોઇ શકે. આથી જ્ઞાતિસેતુના માધ્યમ દ્વારા તેમને તેમની વિગતો રસ લઇને મોકલવા વિનંતી, જે મળ્યેથી આ નુખ ધરાવતા પરિવારો વિશે વિશેષ માહિતી આપવાનું શક્ય બનશે. ■

**તા.ક. :** ઉપર આપેલ માહિતીમાં સુધારો અને વધારો સૂચવવા માટે tulsi_66@yahoo.in ઈ-મેઇલનો ઉપયોગ કરવા માટે વિનંતી, તેમજ આ કોલમને રસપ્રસદ બનાવવા માટે પોત-પોતાની પેઢીના વડવાઓ કે પુત્ર-પુત્રીઓએ મેળવેલ સિદ્ધીને લગતા દસ્તાવેજો, ફોટોગ્રાફસ વિગેરે મોકલવા ખુલ્લુ આમંત્રણ છે, જેથી દરેક પરિવારની એક સુગ્રંથીત માહિતીનો સેતુ આપણા જ્ઞાતિ સેતુમાં રચાય.

**એક એસ.એમ.એસ :**

The departed loved ones never come back. They live in d-mat form in the deep memory.

Their Photograph on the wall is replaced by FaceBook and we see their faces on the NET. An endeavor to immortalize their cherished fond memories goes a long way for the coming generations who could look up at the legacy of their family and relate with generations before and after, sharing emotions and remembrance.

**શ્રદ્ધાંજલી**

# ભુજ-જ્ઞાતિ શિરોમણી વડીલ શ્રી જટાશંકર વેલજી ચનાણી

**પ્રસ્તુતકર્તા : તુલસીદાસ કંસારા, અમદાવાદ**



**જન્મ : ૨૨-૧૨-૧૯૨૨**
**દેહાંત : ૧૬-૧-૨૦૧૨**

ભુજની મારૂ કંસારા સોની જ્ઞાતિના શિરોમણી. આજે આપણી વચ્ચે આ સૌમ્ય વ્યક્તિત્વ સદેહે નથી પરંતુ વિવિધ સ્થળે વસતા આપણી જ્ઞાતિ તેમજ મોટાભાગના અન્ય કચ્છી સમાજોની યાદોમાં તેઓ હંમેશ માટે અંકીત રહેશે.

લગભગ સદી ફટકારવાને આરે પહોંચેલ શ્રી જટુભાઈ માટે તો એમ કહી શકાય કે એક નિરામય દેહના નિજાનંદી માલિક, એક બહોળા સંયુક્ત પરિવારના કર્તા, કેપ્ટન, તેમની દરેક ઈનીંગ હસતે મોઢે રમીને છેલ્લે બોલે સેલ્ફ આઉટ થયા. સમાજ માટે બધું જ કરી છૂટવું છતાં હોદ્દો તો બાજુએ રહ્યો પણ નામની પણ જેમને તમા નહિં તેવા વડીલને જ્ઞાતિ શિરોમણીથી વધારે ક્યું વિશેષણ ઉચિત હોઈ શકે ? સામાન્ય રીતે આપણી જ્ઞાતિમાં શબ્દના ઉતરાર્ધમાં 'આણી' આવતું હોય તેવી ઓળખો કદાચ બેજ છે, એક દામાણી અને બીજા ચનાણી. પરંતુ મોટા ભાગના દામાણી પરિવારના લોકો પોતાને બુદ્ધભટ્ટી, સોની કે કંસારા તરીકે ઓળખાવે છે, આથી સાહજીક રીતે જ મને આ જટુભાઈના પરિવારની અટક ચનાણી વિશે કુતુહલ થયું તેથી, જ્યારે એક કલાક કરતાં પણ વધારે સમય સુધી સતત ચાલતી લાઈનમાં ઉભી ભુજ શહેરના મહાનુભાવોથી લઈને અદના આદમીઓ તેમજ આસપાસના વિસ્તારોમાંથી આવેલ લોકો દિવંગતના આત્માના મહાપ્રયાણ માટેની પ્રાર્થના સભામાં જોડાતા હતા, ત્યારે મેં મારી આસપાસના લોકોને પૂછ્યું, તો જવાબ મળ્યો કે આ ચનાણી અટક તેમના વડવા - વેલજીભાઈના દાદા ચનાના નામ ઉપરથી લેવામાં આવેલ છે. તે ઉપરાંત આ પેઢીની અગાઉની પેઢીના થોડા નામો પણ મળ્યા છે જેમાં આણંદજી-ચના-મૂળજી - ઓધવજી-હરચંદ-લખમશી-વર્ધમાન સુધી આ પરિવાર વિસ્તરે છે અને તેમની મૂળ અટક ગોહિલ છે. ગોહિલ ઓળખ ધરાવતા કુટુંબો કચ્છમાં ઓછા છે. (આજ પેઢીમાંથી ઉતરી આવેલ એક અન્ય પરિવારની માહિતી મળેલ છે જે આપણે હવે પછીના મણકામાં સાંકળી લેશું). આમ તો સૌરાષ્ટ્રમાં ભાવનગર બાજુનો વિસ્તાર ગોહિલવાડ કહેવાય છે અને ત્યાંના રાજકર્તાઓ રાજસ્થાન અને ઉત્તર ભારતમાંથી ઉતરી આવેલ ગોહિલ રાજપૂતો હતા. તે બાજુ, ત્યાંની ભાષામાં ગેહલોત નુખ સામાન્ય છે. શક્ય છે કે ગેહલોતનું ગોહિલ થઈ ગયેલ હોય. પરંતુ આ પરિવારના કચ્છના આગમન વિશે વિશેષ માહિતી હવે પછીના મણકાઓમાં સાંકળી લેવામાં આવશે. દરમિયાનમાં આ પરિવારની અત્યારની માહિતી **જ્ઞાતિસેતુના સ્વર્ણિમ સમાજના અંક ઓક્ટો-નવે.૨૦૦૮ના** પેઈજ ૫૧ ઉપર ઉપલબ્ધ છે. તેમજ ગેહલોત પરિવાર વિશે કુ. દર્શનાબેન સોની સંપાદિત માહિતીમાં પણ આવાજ એક વિશાળ પરિવારના પૂર્વજ જગશીભાઈએ ચારસો વર્ષ પહેલાં પૂર્વ કચ્છના ધમડકા ગામે વસવાટ કર્યાનું નોંધેલ છે. ■

**સ્મરણાંજલી**

# રાજધાની દિલ્હીની એક મેધાવી મહિલા અને હસમુખી પ્રતિભા સ્વ. દમયંતીબેન નરેન્દ્રભાઈ

**પ્રસ્તુતકર્તા : તુલસીદાસ કંસારા, અમદાવાદ**




આ મહિલા એટલે જ્વેલરી બિઝનેસમાં નામ કમાવનાર અને સતત પ્રવૃત્તિમય રહેલ દમયંતીબેન નરેન્દ્રભાઈ શિવજી જેઠા. આ કદીના ભૂલાય તેવો હંમેશ હસતો ચહેરો એટલે મુંબઈ રહેતા તારાબેનના મોટાબેન અને સુરતમાં રહેતા હંસાબેનના નાનાબેન.

દમુબેને જેમણે ઈસ્ટ આફ્રિકામાંથી ૧૯૬૦-૭૦ ના દાયકામાં સ્વદેશ પરત આવી પોતાના માદરે વતનમાં કુટુંબને સ્થિર કરવા કઠીન પરિશ્રમ અને ખૂબ જ ધગશથી રશિયન ભાષા ઉપર ટૂંક સમયમાં પ્રભુત્વ મેળવી અને સથવારો કર્યો એક નવા સાહસનો, અને એજ બની રહ્યું તેમની ચાણક્ય પુરીની જ્વેલરી શોપની પ્રગતિનું રહસ્ય. અલબત્ત તેની સાથે તેમના પતિદેવ સ્વ. શ્રી નરેન્દ્રભાઈની તીક્ષ્ણબુદ્ધી, સતત આવકાર આપતું સ્મિત અને સખત મહેનત તો ખરાજ. ક્રાંતિકારી માસ ઓગષ્ટની ૧૫મી તારીખે આખો દેશ જ્યારે આઝાદીનો પર્વ મનાવે ત્યારે અમારા બહેનનો જન્મદિવસ મનાવવામાં આવતો. ૧૯૩૬માં મુંબઈના બાંડીયાવાળા કુટુંબમાં શ્રી હીરજીભાઈ અને કેશવજી પ્રેમજી (રાજકોટવાળા - ભુજમાં અને ભુજવાળા રાજકોટમાં) ના સૌથી નાના દિકરી કમળાબેનની પુત્રી દમુબેને એ ૪ થી ફેબ્રુઆરી ૨૦૧૨ના દિવસે, પોણી સદીની યાત્રા પૂરી કરીને પુનામાં ટૂંકી માંદગી બાદ છેલ્લા શ્વાસ લીધા. આ બાંડીયાવાળા પરિવારનો ઉલ્લેખ શ્રી બાબુભાઈ એન. સોનીએ 'મુંબઈમાં જ્ઞાતિનું આગમન અને સંગઠન' નામના તેમના લેખમાં (જ્ઞાતિસેતુ-ઓક્ટો-નવે.૨૦૦૮) કરેલ છે. જેમાં જણાવેલ છે કે બાંડીયાના પેરાજ ઊંમરશી, તેરાના દામોદર ધારશી ડુંગરશી વગેરે ૧૮૮૫ પહેલાં મુંબઈ આવનાર પ્રથમ કંસારા-સોનીઓ હતા. મુંબઈ જ્ઞાતિના બીજા પ્રમુખ તરીકે સ્વ. મુરજી કુંવરજી બાંડીયાવાળા હતા. હું માનું છું કે આ એક જ પરિવારની પેઢીઓની આ વાત છે અને આ બાંડીયાવાળા નૂખ પણ અહીં ઉલ્લેખ કરેલ સ્વ. શ્રી હિરજીભાઈ સાથે સંકળાયેલ છે. ખરેખર તેમની સરનેઈમ કઈ ? એ તો સંશોધનનો વિષય છે. દમુબેનના પરિવારમાં તેમના મોટા પુત્ર શ્રી કૌશિકભાઈ, શ્રીમતી રીટાબેન, તેમના બે પુત્રો વિનીત અને વરૂણ તેમજ નાના પુત્ર શ્રી વિમલભાઈ અને શ્રીમતી હિનાબેન તેમજ તેમનો પુત્ર જેસલ દિલ્હીમાં સ્થાયી છે અને પુત્રી રેશ્મા પ્રવિણભાઈ શરાફ તેમની બે પુત્રીઓ ગીતીકા અને હર્ષાલા સાથે પુનામાં રહે છે. હસતા ચહેરા કદાચ ઈશ્વરને પણ વધારે ગમતા હોય છે તેથી તેમને તે પોતાની પાસે જલ્દીથી બોલાવી લ્યે છે ! ■

સ્મરણાંજલી

# સ્વ. શ્રી શામજીભાઈ ગાંગજીભાઈ મૈયા

**પ્રસ્તુતી : અતુલ સોની, અમદાવાદ**



ગત ૯ જાન્યુઆરી, ૨૦૧૨ના રોજ અંજારના મોભી શ્રી શામજીબાપાનું ૮૩ ની વયે અચાનક અવસાન થયું. સમસ્ત જ્ઞાતિ પરિવારોને એક સુહૃદય સજ્જન અને માયાળુ માર્ગદર્શકની કાયમી ખોટ પડી. પરંતુ એમના જીવનની સુગંધ સદૈવ પ્રસરતી રહેશે.

પ્રસ્તુત છે એમની જીવન ઝરમર અને સ્મૃતિ વંદના.

સંવત ૧૯૮૬ જેઠ વદ આઠમ ને બુધવારે, અંજાર તાલુકાના નગાવલાડિયા ગામે શ્રી ગાંગજીભાઈ અને મમુબેનનાં ઘેર, તેઓનો જન્મ થયો. શ્રી ગાંગજીભાઈના સંતાનો શામજીભાઈ, વિઠ્ઠલદાસભાઈ, પ્રેમજીભાઈ, મટુબેન અને લક્ષ્મીબેન. આ સંતાનોમાં શામજીભાઈ જયેષ્ઠ પુત્ર હતા.

દસ વર્ષની ઉંમરે એમના શિક્ષણનો પ્રારંભ ‘સિનુગ્રા’ ગામે થયો. ચૌદ વર્ષની ઉંમરે કરાચી (પાકિસ્તાન) ગયા. ભાગલા બાદ વલાડિયા ગામે સોની કામનો પૈતૃક વ્યવસાય સંભાળ્યો. સન ૧૯૬૦ના વર્ષમાં સુવર્ણ અંકુશ ધારો અમલમાં આવતા સોનીકામનાં વ્યવસાયને ઘણી માઠી અસર પહોંચી. સંવત ૧૯૯૬માં દુષ્કાળ પડ્યો ત્યારે વલાડિયા ગામવાસીઓ અન્યત્ર જવા લાગ્યા. તે સમયે ત્યાંના શ્રી જાગેશ્વર મહાદેવ મંદિરમાં બેસી શ્રી શામજીભાઈએ ચૌદ દિવસનાં નકોરડા ઉપવાસ કર્યા. પરિણામે વરસાદ આવ્યો. ગ્રામજનોએ તેઓનું સામૈયુ કર્યું. આ ઉપરાંત વલાડિયા ગામમાં શાળા નિર્માણ તથા બસ સેવાનાં પ્રારંભ માટે પણ તેઓએ અથાગ પરિશ્રમ કર્યો હતો. સન્ ૧૯૫૯માં તેઓ પ.પૂ. પાંડુરાગ શાસ્ત્રીજી આઠવલે (દાદા) પ્રેરિત ‘સ્વાધ્યાય પરિવાર’માં જોડાયા.

અંજારનાં લોહાર ચોકમાં સોના-ચાંદીના દાગીનાં બનાવવાની દુકાનનો પ્રારંભ કર્યો. ત્યારબાદ સન્ ૧૯૮૫માં જયેષ્ઠ પુત્ર શ્રી શિવલાલભાઇ હસ્તક કાર્યરત એસ.એસ.એસ. જ્વેલર્સનો પ્રારંભ તેઓએ કર્યો હતો. સ્વ. શામજીભાઈએ ગાંધીધામ કંડલા વિસ્તારમાં દીર્ઘદૃષ્ટિથી વિકસતા મીઠા ઉદ્યોગમાં પણ ઝંપલાવેલ. આમ, વ્યવસાયિક ક્ષેત્રે સખત મહેનત, વ્યવસાયિક અભિગમ અને કાર્ય પ્રત્યેની લગનથી તેઓ સતત પ્રવૃત્ત રહ્યાં. હાલ પણ પુત્રો-પૌત્રોને આ ક્ષેત્રે દિશા નિર્દેશ આપતા રહે છે. સ્વ. શામજીબાપા અંજાર જ્ઞાતિના અંદાજે બાર વર્ષ સુધી પ્રમુખપદે રહ્યાં તેમજ જ્ઞાતિની સમાજવાડીનાં પ્રથમ નિર્માણકાર્યમાં સક્રિય યોગદાન આપ્યું.

સન્ ૨૦૦૧ના વિનાશક ભૂકંપ સમયે અંજાર જ્ઞાતિની સમાજવાડી ધ્વસ્ત થઇ ત્યારે અસરગ્રસ્ત જ્ઞાતિજનો માટે રામ-કૃષ્ણ-મહાવીરનગર મધ્યે ૬૫ હંગામી આવાસોનું નિર્માણ કરાવ્યું, જે અઢી વર્ષ સુધી જ્ઞાતિજનોને ઉપયોગી થયા. ત્યારબાદ વીડી રોડ પર આવેલી જમીન પર અસરગ્રસ્તો માટે હંગામી આવાસનું નિર્માણ કરાવ્યું. જ્યાં આજે પણ જ્ઞાતિનાં ૪૦-૪૫ પરિવારજનો વસવાટ કરી રહ્યાં છે.

શામજીબાપાના પ્રમુખપદ બાદ એમના પુત્ર શ્રી શિવલાલભાઈએ આ પદ સંભાળ્યું. જેઓના પ્રમુખપદ હેઠળ શ્રી મહાકાળી મંદિર ત્થા શ્રી માનકેશ્વર મહાદેવ મંદિરનું પુનઃ નિર્માણકાર્ય સંપન્ન થયું તેમજ ભૂકંપ પુનઃવસન કાર્યો સુપેરે પૂર્ણ કર્યા.

શામજીબાપાના ધર્મપત્ની ગં.સ્વ. સાવિત્રીબેન અને પુત્રો શિવલાલભાઈ, વિનોદભાઈ અને ઉત્તમભાઈ ત્થા પુત્રીઓ લીલાવંતીબેન શાંતિલાલ બુધ્ધભટ્ટી અને પ્રવીણાબેન પ્રકાશભાઈ બારમેડા જ્ઞાતિમાં સમ્માનીય, સુસંસ્કારી પરિવારોની હરોળમાં શોભે છે.

ભગવદ્ ગીતાનાં નવમાં અધ્યાયનાં બાવીસમાં શ્લોક “અનન્યાશ્ચિંતયંતો માં યે જનાઃ પર્યુપાસતે”માં અખૂટ શ્રદ્ધા ધરાવનારા શામજીબાપાના જીવનનાં ત્રણ રૂપો કૌટુંબિક, સામાજીક અને આધ્યાત્મિકની પ્રત્યેક ફરજોનાં પાલન માટેના સખત મહેનતનો આગ્રહ એમનો જીવન સિદ્ધાંત હતો.

***સાભાર : સેતુ સ્વર્ણીમ વિશેષાકમાં સંદર્ભ માહિતી નિર્દેશીત શ્રી હરીશભાઈ વેલજીભાઈ મૈયા, શ્રી પ્રફુલ્લભાઈ વિશનજીભાઈ સાકરીયા - અંજાર.***

***પૃષ્ઠ ૧૦ નું શેષ સંસારના....***

કરવી કે મને જેની ભૂલ લાગશે તેને બે શબ્દો કહીશ. કોઇએ માઠું લગાડવું નહીં. કોઈ તારો ચુકાદો માન્ય ન રાખે અને વિવાદ કરે તે દિવસે તારે ઉપવાસનું અહિંસક આંદોલન ઉપાડવું. પ્રારંભે કદાચ નિષ્ફળતા મળે પણ સમય જતાં ઘરનાં સૌને ખાતરી થઈ જશે કે તું કોઈની શેહશરમ રાખ્યા વિના બિલકુલ તટસ્થ રહીને મા અને પત્નીનો ન્યાય કરે છે. એથી સૌને તારા ન્યાયમાં વિશ્વાસ બેસશે.’

ગુરુએ અંતે ઉમેર્યું : ‘એક વાત ભૂલીશ નહીં. અરીસો સાફ કરવો હોય તો કાપડનો કટકો ચોખ્ખો હોય તે જરૂરી છે. તારી ન્યાયપ્રણાલી પણ એ કાપડના કટકા જેવી ચોખ્ખી હોવી જોઈએ. પત્ની, મા કે બહેન પ્રત્યે પક્ષપાત રાખીને તું કપટભર્યો ન્યાય કરીશ તો તારા ન્યાયની પોકળતાનો સૌને ખ્યાલ આવી જશે. એથી સૌપ્રથમ તારે તારી પ્રમાણિકતા, ઈમાનદારી અને સચ્ચાઈને સાબિત કરવી પડશે. ભૂલ કરનારાને તેના મોઢા પર સત્ય કહેવાની હિંમત રાખવી પડશે. નિષ્પક્ષ ન્યાયાધીશ તરીકે તારા કુટુંબમાં પ્રસ્થાપિત થવું પડશે.. અઘરું છે પણ સંસારના કુરુક્ષેત્રની એ જ સાચી રીત છે. ‘નરો વા કુંજરો વા’ નહીં ચાલે... સાચી વાત મોં પર કહી દેવાની હિંમત રાખવી પડશે, બોલ છે તૈયારી.... ?’

દીકરો કાંઈ બોલી શક્યો નહીં પણ એને લાગ્યું કે સ્વામીજીની શિખામણમાં વજૂદ છે. ઘરના સૌ સ્ત્રીવર્ગની આંખોમાંથી પણ એવો જ પ્રતિભાવ પ્રગટી રહ્યો હતો.

**સૌજન્ય : ‘હૈયાનો હસ્તમેળાપ’**

વ્યક્તિ વિશેષ

# સ્વ. શ્રી વેલજીભાઈ નાગજીભાઈ બારમેડા

**પોપટલાલભાઈ બારમેડા - અમદાવાદ**



આજથી સત્યાશી વર્ષ પૂર્વે, એપ્રિલ માસની ઓગણીસમી તારીખે, કચ્છના નખત્રાણા તાલુકાના વિથોણ ગામમાં, નાગજીભાઈ બારમેડાને ત્યાં એક પુત્ર રત્નનો જન્મ થયો. એમની રત્ન સરખી ઝળહળતી જીવન સફર, એમના વંશ-વારસો માટે આદર્શરૂપ, આગવી કેડી કંડારી ગઈ.

વેલજીભાઈ એમનું નામ. વિથોણ જેવું નાનકડું ગામ અને પૈત્રુક વ્યવસાય સોની કામ. એટલે ખપ પૂરતા આંક ગણવા અને નામા પૂરતી ટાંક ઘસવા જેટલું જ એમનું ભણતર. પારીવારિક ઓળખ ધૂળધોયાની એટલે ગળથૂંથીમાં કસબીનું ગણતર. સોના ચાંદીની 'રજ' માંથી 'રજત' અને સુવર્ણની શેષ શોધવાનો આંખવગો કસબ. ધૂળમાંથી ધન શોધતા પત્થરમાંથી હીરાની પરખ કરતાં આવડી ગયું. પરંતુ વિથોણ જેવા નાના ગામમાં હીરા કેટલાક હોય ! એટલે યુવાવયે વેલજીભાઈ મુંબઈ ગયા. એમની કાંખે, 'કસબ' હતો, પાંખે શ્રમ હતો અને શાંખે મણી જેમ ઝગમગતા, ધર્મપત્ની મણીબેનનો સાથ હતો. જોતજોતામાં એ મુંબઈના જાણીતા ઝવેરી બની ગયા. એમણે એમના બે નાના ભાઈઓ, પોપટલાલ અને કેશવજીને પણ ડાયમંડ વ્યવસાયમાં સ્વ-નિર્ભર કર્યા.

સંતાનમાં એમને બે પુત્રો અને ચાર પુત્રીઓ થઈ. પુત્રીઓ, પ્રેમીલાબેન, ચંદ્રિકાબેન, નિર્મળાબેન અને માયાબેન એમના શ્વસુરગૃહે સુખી અને સમૃદ્ધ છે ચારે બહેનો પોમલ પરિવારમાં પરણાવેલ છે જમાઈઓમા નામ ક્રમશઃ લક્ષ્મીકાંતભાઈ, નરોત્તમભાઈ, દીનેશભાઈ અને પ્રવિણભાઈ. બંને પુત્રો સતિષ અને કિશોરને હિરા પરખના કસબ સાથે ઝવેરાતના વ્યવસાયમાં પલોટયા યોગ્ય સમયે એમની ગૃહસ્થીની ગાંઠ, બે પુત્રવધુઓ સંધ્યા અને કુસુમ અને પૌત્ર-પૌત્રીઓથી સમૃદ્ધ થઈ. બાળકોને સમય અને ક્ષમતા અનુસાર આધુનિક શિક્ષણ લેવા પ્રોત્સાહિત કર્યા એમનો એક પૌત્ર અમીષે ડાયમંડ પારખવાનું આધુનિક પદ્ધતિનું શિક્ષણ મેળવ્યું. જે હવે એ કસબનું પદ્ધતિસરનું શિક્ષણ આપે છે. એક પૌત્રી હિરલ સતીષભાઈ સોની હાલમાં LL.B. નો અભ્યાસ ચાલુ છે. કિશોરભાઈની પુત્રીઓ એટલે કે વેલજીભાઈની પૌત્રીઓ શ્રદ્ધા સ્ત્રી રોગ વિશેષજ્ઞ M. D. (Gynac) છે. અને બીજી પૌત્રી પ્રિત નાગપુરમાં ડેન્ટીસ્ટનો અભ્યાસ કરે છે.

આ તો થઈ વેલજીભાઈની ગૃહસ્થી અને વ્યવસાયની વાત. પરંતુ એમની ખરી ઓળખ, હકારાત્મક ઉર્જા પ્રસરાવનાર, આત્મ-વિશ્વાસ સભર વ્યક્તિત્વની હતી. એકવડો બાંધો અને ઊંચી કદ કાઠી, ધોતી, ઝભ્ભો, બંડી અને સફેદ ટોપીથી સજ્જ સ્વસ્થ શરીર ધરાવતા, સૌહાર્દ પૂર્ણ સ્વભાવ સહુના સ્વજન જેવા આ સજ્જનનું આગવું વ્યક્તિત્વ હતું. તેવો કર્મગુરૂ હતા. એમના સંયુક્ત પરિવારના એ વિવેકી વડલા સમાન હતા. જેની બધી જ ડાળીઓ એમની છત્રછાયામાં પાંગરી અને પુષ્ટ થઈ.

વેલજીભાઈનો સ્વભાવ 'પરગજૂ' હતો. દુઃખીયાને દિલાસો અને સુખીયાનો શાબાશી આપવાનો એમનો ધર્મ એ સમજતા. આ જીવન એ રીતે જ વર્ત્યા. એમના વંશજોને પણ એમણે એજ સંસ્કાર આપ્યા. જેઓ એમને પરંપરા પ્રેમથી નિભાવે છે.

વેલજીભાઈને ઈશ્વરમાં અખૂટ વિશ્વાસ હતો. એમની દીન-ચર્યાનો આરંભ ગીતા વાંચનથી થતો અને એના ઉપદેશ મુજબ એમનું વર્તન, આજીવન અનાશક્ત કર્મરત રહ્યું. સિનેમા 'અવતાર' એમણે અનેક વખત જોયેલી એનો સંદેશ 'સ્વહિત' ભોગ પણ 'પરહિત' કાર્ય એમને પ્રેરણાદાયી લાગ્યું હતું. જેનું એમણે આજીવન પાલન કર્યું. ૨૨ મે, ૧૯૯૯ ને રોજ ૭૪ વર્ષની પાકી વયે એમનું અવસાન થયું. આ (એપ્રિલ) માસની ઓગણીસમી તારીખે એમની જન્મજયંતિ અવસરે, સ્મરણાંજલી અર્પતાં સહુ સ્વજનો એમણે ચીંધેલા માર્ગે સમર્પિત ભાવ વ્યક્ત કરે છે. ■

સમજણના સૂર

# સંબંધ - લગ્ન - સગાઈ અને વિચ્છેદ અંગે મંતવ્ય



**સોની ખીમજીભાઈ વિશ્રામ બુદ્ધભટ્ટી**

ગામ : વિરાણી, તા. નખત્રાણા-કચ્છ - સામાજીક સમિતિના સભ્ય

આપણી જ્ઞાતિમાં હાલમાં સગાઈ લગ્ન તૂટવાના ઘણા બનાવો બને છે જે સાંભળી જ્ઞાતિ કાર્યકર્તા હોવાથી દુઃખ થાય છે આપણી જ્ઞાતિ મારા મંતવ્ય મુજબ અગ્રણીઓના અથાક પ્રયત્ન હોવા છતાં આવું થાય છે તે દુઃખની વાત છે.

૧. સંબંધ બાંધતા પેલા ૧ થી ૧૦૦ વાર વિચાર કરવો જોઈએ અને પછી આગળ વધવું જેથી સંબંધ ન તૂટે.

૨. હાલના જમાના પ્રમાણે લગ્ન તથા સગપણમાં ખર્ચ ઓછું કરવું જોઈએ


૩. જ્ઞાતિના રીવાજ મુજબ સંબંધ બંધાય તો વાંધો ન આવે.

૪. બીજી ઘણી ક્ષતિઓ છે કે જેના સંબંધ બંધાય છે તે તૂટતા નથી તેનું કારણ જ્ઞાતિનો અંકુશ છે આથી અનપઢ હોવા છતાં પણ સંબંધ તૂટતા નથી આપણી જ્ઞાતિ સંખ્યા બહુ ઓછી તથા વધુ ભણેલ હોવાથી અને જ્ઞાતિનો અંકુશ ન હોવાથી આ સંબંધ તૂટી જાય છે. તો આવું ન થવું જોઈએ.

જ્ઞાતિના અંકુશ હોવો જોઈએ. જ્ઞાતિનું સંગઠને ધ્યાન અપાય તો આવું ઓછું થાય.

# કમ્પ્યુટરનો કક્કો (૨૪)

તુલસીદાસ કંસારા




સ્માર્ટફોનોમાં આપવામાં આવતી સુવિધાઓનો ઉપયોગ કેવી રીતે થાય ? સૌ પ્રથમ સ્માર્ટફોનોમાં આપવામાં આવતી સુવિધાઓનું લીસ્ટ બનાવીએ. (૧) જીપીએસ - ગ્લોબલ પોઝીસનીંગ સિસ્ટમ (૨) વાઈ-ફાઈ ક્ષમતા (૩) કેમેરા અને મ્યુઝિક પ્લેયર (૪) એલઈડી ફ્લેશ (૫) ફ્રન્ટ ફેસિંગ કેમેરા (૬) સ્ટીરિયો બ્લૂટૂથ (૭) હેડફોન કનેકશન (૮) મેમરી કાર્ડ (૯) ટચસ્ક્રીન (૧૦) ક્વોટી કી બોર્ડ (૧૧) સ્પેસિફિક એબ્સોર્પશન રેટ (એસએઆર) (૧૨) નેટવર્ક

આ લિસ્ટમાંથી, જીપીએસ એ નકશા દેખાડતી સેવા છે. તેમાં જીપીએસની ચીપ આપવામાં આવેલ હોય છે જેના દ્વારા તમે ગુગલ મેપ જોઈ શકો છો. તમે ક્યાં છો તે જાણવા માટે ફોન નેટવર્કનો ઉપયોગ કર્યા સિવાય તમે ઓફલાઈન નેવીગેશનનો ઉપયોગ કરી શકો છો. નોકિયાના મોટા ભાગના ફોનમાં વિના મૂલ્યે કાર નેવિગેશનનો ઉપયોગ કરી શકાય છે. એપલ અને એન્ડ્રોઈડમાં કેટલીક સેવાઓ તમારે ખરીદવી પડે છે. વાઈ-ફાઈ ક્ષમતાને કારણે ઈન્ટરનેટનો ઉપયોગ તમે ઘરમાં કે ઘર બહા વિના વાયરના જોડાણથી કરી શકો છો. ઈન્ટરનેટનો ઉપયોગ તમે ઘરમાં કે ઘર બહાર વિના વાયર ના જોડાણથી કરી શકો છો. ઈન્ટરનેટનો ઉપયોગ - સર્ફીંગ કે ડાઉનલોડિંગ - કરતા હોય ત્યારે આ સુવિધા મોબાઈલ નેટવર્ક કરતાં સસ્તી પડે છે. કેમેરા અને મ્યુઝિક પ્લેયર ના બટન ડેશબોર્ડ ઉપર મૂકી દો એટલે આ સુવિધાઓ વાત કરતાં વાપરી શકાય છે. ઓછા પ્રકાશમાં ફોટા લેવાનો હોય તો એલઈડી ફ્લેશ ઉપયોગી સાબિત થાય છે. જો તમારે વિડીયો કોલની મજા માણવાની હોય તો આ ફ્રન્ટ ફેસિંગ કેમેરા તમારે માટે જરૂરી છે. હેડફોનની મદદથી સંગીતની મજા માણવા માટે કેબલના દોરડાઓ ગળે લટકાવ્યા સિવાય સ્ટીરિયો બ્લૂટૂથ સારી સેવા આપે છે. ટચ સ્ક્રીનને કારણે જ તો એપલ આઈફોન લોકપ્રિય થયો. માત્ર આંગળીના સ્પર્શથી ફોન ચાલે છે, વધારે દબાણ આપવાની જરૂરત પડતી નથી. એસએમએસ, જેમાં થોડી વધારે વિગતો મોકલવી હોય તો આ કીબોર્ડ વધારે સુવિધાજનક રહે છે, કામ ઝડપથી કરી શકાય છે. એસએઆર ઊર્જા વપરાશનો નિર્દેશ કરે છે. ઓછા એસએવાર વાળો ફોન ઓછી ઊર્જા વાપરશે.. બેટલી લાંબ વખત ચાલશે અને છેલ્લે તમે સ્માર્ટફોનમાં વધારે રોકાણ કરો તે પહેલા ક્યા મોબાઈલ નેટવર્કની સેવા લ્યો છો તે જોઈ લો, તેના માટે નેટવર્ક યોગ્ય છે કે કેમ તેની ખાતરી કરી લો.

મોબાઈલ ફોનમાં વપરાતી ઓપરેટીંગગ સિસ્ટમો : તમારા મોબાઈલ ફોનને ઓપરેટ કરવા માટે આપવામાં આવતી ઓપરેટીંગ સીસ્ટમ (ઓસ) તમને ફોન કરવા ઉપરાંત અનેક કાર્યો કરવા માટે સગવડ પૂરી પાડે છે. તે મ્યુઝિક સંભળાવે છે. ફોટા પાડી આપે છે, ઈ-મેઈલની આપલે કરી આપે છે વિગેરે. તો ચાલો આજે આપણે આ મોબાઈલ ઓસ વિશે થોડું જાણીએ.

**૧. સિમ્બિયન ઓસ :** સૌથી જૂની ઓપરેટિંગ સિસ્ટમોમાં સિમ્બિયનનો નંબર આવે છે. હમણા સુધી તેનો ઉપયોગ મોટા ભાગના મોબાઈલ ફોનોમાં થતો હતો અને સૌથી વધુ લોકપ્રિય નોકિયા ફોનમાં તે વપરાતી હતી. તાજેતરમાં જ શોધાયેલ એન્ડ્રોઈડ અને એપલ ઓસની સામે હવે તે પાછળ રહી ગયેલ છે અને તેથી નોકિયાએ એવી જાહેરાત કરેલ કે તેના ભવિષ્યના સ્માર્ટફોનમાં વિન્ડોઝ મોબાઈલ ઓસનો ઉપયોગ કરવામાં આવશે.

**૨. બ્લેકબેરી ઓસ :** રોજ-બ-રોજના ધંધાકીય કામકાજ માટે આ ઓપરેટિંગ સિસ્ટમ ખૂબ જ ઉપયોગી અને લોકપ્રિય સાબિત થયેલ છે. તે મોટાભાગના ઈ-મેલ ખાતાઓને ટેકો આપે છે.

**૩. આઈફોન ઓસ ૪ :** સ્માર્ટફોનની માર્કેટમાં આ સિસ્ટમનો ફાળો મોટો થઈ ગયેલ છે. જો કે, આઈફોન ૩ જીએસ અને ૪ માટે આ એક જ ઉચિત ઓપરેટિંગ સિસ્ટમ છે.

**૪. વિન્ડોઝ મોબાઈલ ૭ :** માઈક્રોસોફ્ટ વિન્ડોઝની આ સિસ્ટમ સ્માર્ટફોનના બજારમાં તેનો માર્કેટમાં શેર ફરીથી પ્રસ્થાપિત કરવાની કોશીષ કરી રહેલ છે. એપલ ઓ અને ગુગલના એન્ડ્રોઈડ ઓસ તેને મહાત કરીને આગળ નીકળી ગયેલ છે.

**૫. ગુગલની એન્ડ્રોઈઝ ઓસ :** એન્ડ્રોઈડ એક ઓપન સોર્સ સિસ્ટમ છે. કોઈપણ પરવાનો મેળવ્યા વિના, વિના મૂલ્યે તમે આ ફોનના નવા કાર્યો ઉમેરી શકો છો. ૨૦૦૯માં ધીમેકથી બજારમાં આવેલ આ સિસ્ટમનો માર્કેટ શેર અત્યારે ૩૩ ટકા કરતા પણ વધારે થઈ ગયેલ છે. એસટીસી, સોની એરિકશન, મોટોરોલા, સેમસંગ અને એલજીના મોડેલોમાં આ ઓપરેટીંગ સિસ્ટમ હોય છે. ગુગલ નેકસસ એસમાં છેલ્લા છેલ્લી એન્ડ્રોઈડ ઓસ ૨.૩ છે અને બાકીના

બધા એન્ડ્રોઈડ આધારિત ફોનમાં ૨.૧ (એક્લેર) અથવા ૨.૨ (ફ્રોયો) ઓસ હોય છે.

## પાંચ ડેસ્કટોપ પીસી કેલક્યુલેટરો - નિ:શૂલ્ક ડાઉનલોડ કરો :

**૧. સ્પીડ ક્રન્ચ :** આ કેલક્યુલેટરને ડાઉનલોડ કરી ઈનસ્ટોલ કર્યા બાદ, તેમાં તમારે જે ગણતરી કરવાની હોય તે ટાઈપ કરો અને એન્ટર કી દબાવો. તમારે ટાઈપ ન કરવું હોય તો તમે ક્લીપબોર્ડ ઉપર અન્ય જગ્યાએથી કોપી કરેલ (આંકડાઓ તેમજ સમીકરણો, નિશાનીઓ) અહીં પેસ્ટ પણ કરી શકો છો અને તમને મળેલ જવાબોને કંટ્રોલ-આર (^R) કી દબાવી ને છેલ્લે મળેલ જવાબની કોપી પણ કરી શકો છો. લિનક્ષ, વિન્ડોઝ તેમજ એપલ મેક ઓએસ એક્ષ સિસ્ટમોમાં આ સ્પિડ ક્રન્ચ કેલક્યુલેટર ડાઉનલોડ કરી શકાય છે.

**૨. ગ્રાફ કેલક્યુલેટર :** રોજેરોજના અંકગણિત થી આંકડાશાસ્ત્રીય વિશ્લેષણ માટે ઘન પદાર્થની ગણતરી હોય કે નાનામાં નાની કેલક્યુલેટરની ડેસીમલ હોય કે ડેરીવેટીવની (વ્યૂતપન્નની) આંકડાઓમાં ફાઈનાન્સિયલ કે સૂક્ષ્મ ગણતરીઓ હોય કે વૈજ્ઞાનિક ફોર્મ્યુલાઓ હોય, દરેક માટે ઓલ ઈન વન જેવું સોલ્યુશન એટલે ગ્રાફ કેલક્યુલેટર. જે લિનક્ષ તેમજ વિન્ડોઝ ઓપરેટીંગ સિસ્ટમ માટે ડાઉનલોડ કરીને વાપરી શકાય છે.

**૩. માઈક્રોસોફ્ટ મેથેમેટીક્સ ૪.૦ :** ૨ડી અને ૩ડી (2D, 3D) ના ગ્રાફમાં પરિણામો દર્શાવતુ આ કેલક્યુલેટર સ્ટેપ બાય સ્ટે સમીકરણો સોલ્વ કરતું જાય છે. ગણિત તેમજ વિજ્ઞાનના વિષયોનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે તે ખૂબ જ ઉપયોગી નીવળી શકે છે. આ નિ:શૂલ્ક ડાઉનલોડ કેલક્યુલેટરમાં સમાવિષ્ટ ફોર્મ્યુલાઓ અને સમીકરણોની લાયબ્રેરી, ત્રિકોણમિતીના ઉકેલો, યુનિટ કન્વર્ઝન ટૂલ્સ, ઈન્ક હેન્ડસાઈટીંગ સપોર્ટ વગેરે સગવડો ઉપલબ્ધ છે. પરંતુ તે માત્ર વિન્ડોઝ સિસ્ટમ ધરાવતા કમ્પ્યુટરો માટે જ ડાઉનલોડ કરી શકાય છે.

**૪. કેલ્ક ૯૮ - Cal98 :** આ નિ:શુલ્ક સોફ્ટવેર, જેને ફ્રીવેર પણ કહેવામાં આવે છે તેમાં અંકશાસ્ત્રના ફંકશનો ઉપરાંત વિવિધ નંબર બેઈઝો પણ છે. આ નંબર બેઈઝ એટલે બાયનરી, ઓક્ટલ, હેક્ષાડેસીમલ અને બેઈઝ-એન. તદુપરાંત મેટ્રીક યુનિટ પરિવર્તક, પદાર્થ વિજ્ઞાનમાં કોઈપણ પદાર્થના ગુણધર્મને વિચલીત અને ચલિત અંકોમાં પ્રદર્શીત કરવા માટેની સુવિધા અને ફાયનાન્સીયલ ફંક્શનોમાં કે ઈન્વેસ્ટમેન્ટ કે રોકાણ, લોન અને બચતની ગણતરીઓ કરી તેવા કાર્યો સમાવિષ્ટ છે. તદુપરાંત સમયને લગતા કાર્યો જેવા કે સ્ટોપ વોચ પણ આપવામાં આવેલ છે. આ કેલ્યુલેટર તમે ૯૦ દિવસ સુધી મફ્ત વાપરી શકો છો અને પછી તમારું નામ રજીસ્ટર વિના મૂલ્યે કરાવવું પડે. આમાં વધારે સગવડો ધરાવતા તેના પેઈડ વર્ઝન પણ આવે છે. આ નિ:શુલ્ક વર્ઝન્સ - આવૃત્તિ તમે માઈક્રોસોફ્ટ વિન્ડોઝ મોબાઈલમાં પણ વાપરી શકો છો.

**૫. જે-કેલ્ક :** જાવા પ્રોગ્રામિંગ ભાષામાં લખાયેલ આ એક નિ:શુલ્ક ઓપન સોર્સ વૈજ્ઞાનિક કેલક્યુલેટર છે. તે (+, –, *, /) જેવા સામાન્ય કાર્યો તો કરે જ છે ઉપરાંત તેમાં વિજ્ઞાનના વિદ્યાર્થીઓ માટે જરૂરી, સાઈન એટલે કે જ્યાં (ભૂમિતિ-ત્રિકોણમીતિનો શબ્દ), કોસાઈન (ત્રિકોણ) કોટિજ્યા, ટેન્જન્ટ મતલબ વર્તુળને કે તેના ભાગને સ્પર્શ કરતી રેખા, કાટકોણી કે સમકોણી ત્રિકોણમાં કોણની સામેની અને પાસેની બાજુઓનું ગુણોત્તર, સ્પર્શક અને સ્કેવર રૂટ વિગેરેનો સમાવેશ કરેલ છે. તેમજ તેમાં વિવિધ નંબરીંગ પદ્ધતિઓનો પણ સમાવેશ કરેલ છે. આ કેલક્યુલેટર જે સિસ્ટમમાં જાવા સ્ક્રીપ્ટ ઈનસ્ટોલ કરેલ હોય તેમાં જ ચાલે છે પછી તે લિનક્ષ હોય કે વિન્ડોઝ. ■

### એક એસએમએસ

*There was life before the computer*

કમ્પ્યુટર પહેલાં પણ એક જિંદગી હતી,

* એપ્લીકેશન નોકરી માટે હતી, પ્રોગ્રામ એટલે ટીવી શો કહેવાતો,
* કર્સર કોઈને માટે બદદુવા હતી અને કીબોર્ડ પિયાનો માટે હતો.
* ઉંમરના વધવા સાથે ઓછી થતી યાદદાસ્ત ને મેમરી કહેતા, અને સીડી બેંકનું કરન્ટ ખાતું હતું.
* કટ તમે ખીસાના ચપ્પુથી કરતાં અને પેસ્ટ કરવા તમે ગુંદર વાપરતા.
* વેબ કરોળિયાનું જાળુ હતું, અને વાયરસથી ફ્લુ થતો.
* કમ્પ્યુટરના ક્રેશ થવાથી કોઈ મરતું નથી. પરંતુ તેમ થાય છે ત્યારે તમે ઈચ્છશો કે આના કરતાં તો મરવું સારું !!

### 'સુબી' નો સૂર

શાળા-કોલેજએ
વિદ્યાના વેપારી
વહેંચે ડીગ્રી

## B. Tech. (Computer Science) પરીક્ષામાં સુવર્ણચંદ્રક મેળવતી કુ. રીનુ બુદ્ધભટ્ટી



ભુજના વતની કુ. રીનુ જગદીશકુમાર બુદ્ધભટ્ટીએ તાજેતરમાં, વી.વી.પી એન્જીનિયરીંગ કોલેજ, રાજકોટથી B. Tech. (Computer Science) નો અભ્યાસ ઉચ્ચ માર્કસ મેળવી સફળતાપૂર્વક પૂર્ણ કર્યો છે. એ બદલ કુ. રીનુને સૌરાષ્ટ્ર યુનિવર્સીટી દ્વારા ઉચ્ચત્તમ ગુણ મેળવવા બદલ, **યોગી ડિવાઈન સોસાયટી, પ્રગટ ગુરુ પ.પૂ. શ્રી હરિપ્રસાદ શાસ્ત્રીજી મહારાજ સુવર્ણ ચંદ્રક** એનાયત થયો છે..

કુ. રીનુના માતા-પિતા એ કુ. રીના, તેમજ એની બહેન દૂલારીને પુત્ર સમોવડી ગણી છે બંને દીકરીઓને ઉચ્ચ અભ્યાસ માટે દૃઢ મનોબળ સાથે કઠોર પરિશ્રમ થકી શિક્ષણક્ષેત્રે પ્રતિભા સંપન્ન થવા સદૈવ પ્રોત્સાહન આપ્યું છે. પરિણામે બંને કન્યાઓએ શિક્ષણક્ષેત્રે ખૂબ જ પ્રગતિ કરી છે જે બદલ એમને ધન્યવાદ. કુ. રીનુને 'જ્ઞાતિ સેતુ' પરિવારના હાર્દિક અભિનંદન.

## ઉચ્ચ શિક્ષણ માટે લોન-સુવિધા

કેન્દ્ર સરકાર દ્વારા ઉચ્ચ શિક્ષણ માટે વિદ્યાર્થી ભાઈ-બહેનો રાષ્ટ્રીયકૃત બેંકોમાંથી સરળતાથી તદ્દન નજીવા વ્યાજદરે લોન મળે તે માટે જોગવાઈ કરેલ છે. પરંતુ બેંકો એક યા બીજા બહાના કાઢી વિદ્યાર્થીઓને લોન આપવાનું ટાળે છે.

આ સંદર્ભમાં રાજકોટમાં દેના બેંકમાં એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવતા શ્રી મહેશભાઈ નગીનદાસ શેઠ, આપણી કંસારા જ્ઞાતિના યુવા સામાજિક કાર્યકર છે તથા ઘણાં જ ભાવનાશાળી છે. જો કોઈપણ કંસારા ભાઈ-બહેનોને ગુજરાતમાંથી કોઈપણ શહેરમાંથી દેશમાં અથવા વિદેશમાં અભ્યાસ કરવા માટે લોનની જરૂર જણાય તો શ્રી મહેશભાઈનો સંપર્ક કરવો તેઓશ્રી આ બાબતમાં આગળ અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીને નિયત સમયમાં લોન મેળવવા જરૂરી માર્ગદર્શન આપશે.

**શ્રી મહેશભાઈ નગીનદાસ શેઠ (એકાઉન્ટન્ટ)**
દેના બેંક - રેશકોર્સ બ્રાન્ચ, રાજકોટ.
ફોન : (બેંક) ૦૨૮૧-૨૪૪૨૨૦૮, મો. ૯૪૨૬૨ ૨૯૫૨૫
સૌજન્ય : કંસારા ટાઈમ્સ

## જ્યારે હૃદય રડે છે

હૃદય રડે છે ને અશ્રુ આંખમાંથી પડે છે,
એવું કોણ જાણે કેમ બને છે !
સંબંધ છે એ નિરાળો,
એનો સેતુ ક્યાં હશે - બંધાણો

પ્રશ્નો ઘણા સળવળે છે,
પણ ઉત્તર ક્યાં મળે છે ?

માત્ર લાગણીઓ જ ઉભરાય છે,
જ્યારે નજર નજરથી મળે છે.

ને વેદનાઓ ટળવળે છે,
ત્યારે પાછા અશ્રુઓ
આંખમાંથી પડે છે,
ત્યારે હૃદય રડે છે.

- સુશ્રી ગીતા સોની

## હાઈકુ

- સુરેશ બીજલાણી

હોળી છે હોળી
ઘર-ઘરમાં આજે
મોંઘવારીની...

દીકરી એ તો
વહાલનો દરિયો
વિદાય ખારી !

ખોવાઈ ગયું
સ્પંદન સ્પર્શનું
ફેસબુકમાં...

રાધા વિનાનો
કાન જાણે વાગતો
બેસૂરો વાંસ..

''यत्र नार्यस्तु पूज्यन्ते
रमन्तो तत्र देवता...'' અર્થાત્ ''જ્યાં નારીની પૂજા થાય છે
ત્યાં ઈશ્વરનો વાસ છે...'' ***- મનુ સ્મૃતિ***

# બાળકોની પ્રિય વાનગી : પૌંઆ વડા

જયા પોમલ - માધાપર

## પૌંઆ વડા

**સામગ્રી :** પૌંઆ જાડા - ૨૦૦ ગ્રામ, બટાટા ૨૫૦ ગ્રામ, કિસમીસ કાજુ, ખસખસ, ટુટીફ્રુટી ૧૦૦ ગ્રામ, એલચી ૪ થી ૫ નંગ, લીલા ધાણા ૧૦૦ ગ્રામ, તજ લવીંગ પાવડર, બે ચમચી હળદર, મીઠુ સ્વાદ અનુસાર.

**રીત :** બટાટા બાફી એકદમ મસળી માવો બનાવો. ત્યારબાદ તેમાં બધો મસાલો નાખી મીક્ષ કરવું. પૌંઆ એક કપડામાં રાખી કોરાજ લુછી લેવા ત્યાર બાદ તેને બટાટાનો જે માવો મસાલા નાખી તૈયાર કર્યો તેમાં નાખી મસળી લેવું ત્યાર બાદ કાજુ કીસમીસ, ટુટીફ્રુટી, એલચી નાખી વડા તૈયાર કરવા તેલમાં ગુલાબી રંગના થાય તેવા તળી લેવા. આંબલી, ખજૂરની ચટણી અથવા ટામેટા કેચપ સાથે સર્વ કરવું. ખૂબ જ સ્વાદિષ્ટ બનશે.

## પૌષ્ટીક 'પંચરત્ન પુડલા'

**સામગ્રી :** મગની દાળ, ચણાની દાળ, અડદની દાળ, તુવેરની દાળ, જાડા ચોખા એક એક વાટકી, ચાર ગ્લાસ છાશ, આદુ, મરચાની પેસ્ટ એક વાટકી, બે ચમચા સફેદ તલ, એક ઝુંડી મેથી લીલી.

**રીત :** બધી દાળ, ચોખા, ખાટી છાસમાં પાંચ કલાક પલાળી રાખવી, ત્યારબાદ છાશ નીતારી મીક્સરમાં પીસી લેવું. ખીરૂ સહેજ જાડુ રાખવું. ત્યારબાદ ખીરામાં બે ચમચા ગરમ તેલ, મીઠું, મેથી, તલ નાખી ખૂબજ હલાવવું, નોનસ્ટીક લોઢી પર પુડલા ઉતારવા. લીલા મરચાની ચટણી સાથે પીરસવા આ પુડલા ખૂબ જ પૌષ્ટીક અને પચવામાં સરળ રહેશે.

## રસીલી સેવ

**સામગ્રી :** ઘઉંની સેવ એક વાટકી દૂધ, બે વાટકી ખાંડ, એક વાટકી એલચી, બદામ, ચારોલી, કાજુ એક વાટકી, બે ચમચા મિલ્ક પાવડર, કેસર પાંચ તાતણા સજાવટ માટે.

**રીત :** ઘઉંની સેવને જાડી કઢાઈમાં થોડુ ઘી નાંખી ગુલાબી રંગની શેકી લેવી ત્યારબાદ તેમાં ખાંડ, દૂધ અને મિલ્ક પાવડર નાંખી સતત હલાવતા રહેવું. સેવ બરાબર ચડી જાય ત્યારબાદ ડ્રાયફ્રુટ નાખી કેસરથી સજાવી ગરમાગરમ પીરસવા શિયાળામાં ખાવાની ખૂબ મજા આવશે.

## કચ્છી ખટીયો

**સામગ્રી :** એક વાટકી બાફેલા ચણા દેશી, એક ગ્લાસ ખાટી છાશ, એક ચમચી બેસન, એક ચમચી તજ, લવીંગ, મરી પાવડર, તેલ, મીઠુ, મરચું, હળદર, ધાણા પ્રમાણસર, કાંદા, લસણ પસંદ હોય તો.

**રીત :** સૌ પ્રથમ કઢાઈમાં તેલ મૂકી રાઈ, મેથી, લીમડાનો વઘાર કરી તે ચણા, છાસ, બેસન, બધો મસાલો નાખી ઝડપથી હલાવતા રહેવું જેથી બેસનની કડી રહી ન જાય પાંચ મિનીટ બાદ નીચે ઉતારી ધાણાથી સજાવટ કરી લેવું આ ખટીયો બાજરાના રોટલા સાથે ખુબ જ સ્વાદિષ્ટ લાગે છે. ■

## રાતના એઠાં વાસણ રાખી મૂકવા નહીં

આપણે ત્યાં દૈનિક કાર્યો સાથે જોડાયેલી અનેક પરંપરાઓ છે. અને આવી દરેક પરંપરા પાછળ કોઈને કોઈ વૈજ્ઞાનિક કારણ હોય છે. આપણા શાસ્ત્રોના કહેવા પ્રમાણે રાત્રે એકઠાં વાસણો મુકી રાખવા ન જોઈએ કારણકે એનાથી ઘરમાંથી લક્ષ્મી ચાલી જાય છે અને સુખ-સમૃદ્ધિ નાશ પામે છે. પરંતુ આની પાછળ વૈજ્ઞાનિક કારણ એવું છે કે રાત્રે ઘરમાં એઠાં વાસણ રાખવાથી વાસણોમાં નાના-નાના બેકટેરિયા જન્મ લે છે અને રાત્રે તેમની સંખ્યા ઝડપથી વધી જાય છે. જે બીમારીનું કારણ બને છે. સાથે જ વાસ્તુશાસ્ત્રની દૃષ્ટિએ પણ રાત્રે એઠાં વાસણ રાખવા શુભ ગણવામાં આવતા નથી. કારણકે આનાથી ઘરમાં નકારાત્મક ઊર્જા વધવા લાગે છે અને સકારાત્મક ઊર્જા ઓછી થાય છે. એટલા માટે એવી માન્યતા છે કે રાત્રે એઠાં વાસણો રાખવા નહીં.

*- લતા વિનય પોમલ-ભુજ*

## નારી હું સન્નારી હું

નારી હું સન્નારી હું, શક્તિ સ્વરૂપ હું
બેટી બહેન પત્નીને મા સ્વરૂપ હું ... નારી હું

ઘોડે ચડી યુદ્ધ ખેલતી રાણી લક્ષ્મીબાઈ હું
લક્ષ્મી સ્વરૂપ, અન્નપૂર્ણા, રસોડાની રાણી છું ... નારી હું

ખેત મજુરી કરુ, નોકરી-વહીવટ કરું હું
દેશના શાસનની દોર સંભાળતી 'ઇન્દિરા' છું ... નારી હું

સાઈકલ ચલાવું, ગાડી ચલાવું, વિમાન ઊડાડું હું,
અંતરિક્ષ યાનથી બ્રહ્માંડે વિખેરાતી 'કલ્પના' છું ... નારી હું

મર્દોને જણનારી એની જ ગુલામ હું
ક્યાં સુધી 'સીતા' થઈ અગન સાક્ષી આપુ છું ... નારી હું

ક્યારેક દૂધ પીતી, દહેજમાં હોમાતી હું
જનમ પહેલાં, ભ્રૂણ હત્યા થકી ભૂંસાતી હું ... નારી હું

**- સુરેશ બીજલાણી - ભુજ**

# શતરંજના ખેલ

હંસરાજ કંસારા

**ગત અંક સુધીમાં આપણે વાંચ્યું....**

*એક રાજા શતરંજના ખેલમાં એના તરૂણ નોકર સુકાળથી હારી ગયો. આપેલા વચન મુજબ, સુકાળને શતરંજના પ્રથમ કોઠામાં એક પછી પ્રત્યેક કોઠામાં બમણાના હિસાબે અનાજ આપવા હુકમ કર્યો. પાડોશના સામંતની મદદથી રાજસત્તા પોતાના હાથમાં લેવાની વેતરણમાં સફળ થવાની અણી ટાણે, આ રાજ હુકમે દીવાન મૂંઝાયો. કારણ કે રાજ્ય ના અન્ન ભંડારનું ભોંયરું, જે પડોશી રાજની હદ સુધી જતું હતું ત્યાંથી શસ્ત્રો, આવી ગયા હતા. દીવાને તરૂણને સોમવતી અમાસને રોજ અનાજ લેવા આવવાનો આદેશ આપ્યો.*

*ગામની પાદરે ટેકરી પર કાલી માતાના મંદિરના વૃદ્ધ પુજારી અને રાજમાતાને દીવાનની હીલચાલની ગંધ હતી. દીવાનની ચાલ નિષ્ફળ કરવાના પૂજારીના આયોજનને અનુસરતા સુકાળને મહેલ અંદરના ભેદી ભોંયરાઓની ભાળ મળી. એ ભોંયરાના ત્રિભેટે, એક રસ્તો કાલી મંદિરે અને બીજો રસ્તો રાજમાતાના પિયરના ગામ તરફ જતો હશે એવું અનુમાન સુકાળે કર્યું એને ભંડારની પછી તે ભોંયરામાં દીવાન અને ભંડારીને જોઈ એને ભય લાગ્યો. કાલીમાંની મૂર્તિ પગથી પર છૂપાવા જતાં એ જમીન ખસકી અને અંધારા કૂવામાં એ ઉતરી ગયો.*

*સુકાળ અને તેજુએ ભોંયરામાંથી ભંડારમાં થતી હિલચાલ જોઈ. બધી વાત કાલી મંદિરના પુજારીને જણાવી. પુજારીએ સુકાળ સાથે રાજમાતાને અને તેજુ સાથે રાજમાતાનાં પીયરમાં સંદેશ મોકલ્યા. રાજમાતાએ સેનાપતિ સમશેરસિંહને સજ્જનગઢ લશ્કર લઈ જવું પણ લડવું નહીં અને બીજે દિવસે પાછા આવી નગરના ગઢની બહાર છાનો પડાવ નાખવાની સુચના આપી.*

*સુકાળ અને તેજૂએ બીજે દિવસે ભોંયરામાં દુર્જનના સૈનિકોની ઘુંસપેઠની ખબર લેવાની તૈયારી કરી. સુકાળ પુજારી પાસેથી રોટી અને કમળનો સંકેત સમજ્યો અને વિદેશી હકુમત સામેના વિદ્રોહમાં સામેલ થવા પ્રતિબદ્ધ થયો..*

**હવે આગળ વાંચો....**

પુજારીની સૂચના મુજબ સુકાળ મંદિરમાં રોકાઈ ગયો. ગુરૂ શિષ્ય બંનેએ સંધ્યા આરતી કરી. મંદિરના પરિસરમાં ચોમેર અંધકાર પથરાઈ ગયો. મહાકાલીની મૂર્તિ ફરતી દીપમાળાના પ્રકાશ અને આશાપુરી ધૂપની સુવાસ સુકાળના આંતરમનમાં ઉત્સાહ ભરતા હતા.

'સુકાળ, હવે હું ગર્ભગૃહમાં જઈશ. મને પાછો આવતાં વાર લાગશે. ત્યાં સુધીમાં તું ત્રીસેક જણ ભરપેટ ભોજન કરી શકે તેટલી ખીચડી અને કઢી બનાવી રાખજે..'

'ત્રીસેક જણ ?'..... સુકાળે પૂછ્યું.

'હા, પરમદિવસે તારે ભંડારમાંથી અનાજ લેવાનું છે. એને માટે તેં જે ચાડીકા રાખ્યા છે, એ બધામાં એક એક ને હિસાબે દરેકમાં આ બધા મજૂર તરીકે તારી સાથે આવશે...' પુજારીના સફેદ વાળ મઢ્યા વદન પર મંદ મુસ્કાન ફરફરવા લાગી.

'જી ગુરુજી....' બધી વાત શાનમાં સમજી ગયો છે, એવું દર્શાવતાં સુકાળે હકારમાં ગરદન નમાવી.

પુજારી ગર્ભગૃહમાં ગયા. બે-એક કલાકમાં સુકાળે રસોઈ બનાવી લીધી. ત્યારબાદ બહારની થોડી ખુલ્લી હવાનો આસ્વાદ માણવા સુકાળ મંદિરના બહારના ચોગાનમાં આવ્યો.

વદ તેરશની રાતનો બીજો પ્રહર પૂરો થવા આવ્યો હતો. ઘોર અંધકાર ઘેરી ધરતીએ તારા મઢી ચાદર ઓઢી હતી. ઘસઘસાટ ઊંઘતી ધરતીના જાણે નસકોરાં બોલતા હોય તેવો તમરાંનો તીવ્ર અવાજ સંભળાતો હતો. વચ્ચે વચ્ચે પાસેના જંગલમાંથી શિયાળ કે બીજા જાનવરોના અવારનવાર સંભળાતા સુકાળને ઉંહકારથી સુમસામ જંગલ રાત્રે પણ જાગતું હોય તેવું તારાના આછા પ્રકાશમાં દેખાતા મંદિરના શીખર પર ત્રિશુળધારી ધજા મંદ હવામાં લહેરાતી હતી. એ ત્રિશુળની ત્રણે પાંખોની અણીઓ અવારનવાર ઝબકતી જોઈ સુકાળને એમાં પણ કોઈ રહસ્ય હોવાનો અંદેશો થયો.

રાત્રીનો બીજો પ્રહર પણ પૂરો થયો. પરંતુ ન તો ગર્ભગૃહમાંથી ગુરૂજી બહાર આવ્યા કે ન એ ત્રીસ મહેમાનોમાંથી કોઈ આવ્યું. સુકાળને કકડીને ભૂખ લાગી હતી. ચોગાનમાં ચક્કર લગાવતો એ મનોમન માનવંતા મહેમાનોને જલ્દી પધારવા અને ગુરૂજીને ગર્ભગૃહમાંથી પ્રગટવા વિનવતો રહ્યો.

અને કૌતુક થયું ! ચોગાનના ઉત્તર છેડેથી જંગલ તરફ જતી કેડી પર ઝાંખા પ્રકાશમાં સુકાળને કેટલીક માનવ આકૃતિઓ મંદિર તરફ આવતી દેખાઈ. અને સુકાળ વધુ કંઈ વિચારે તે પહેલા તો અચાનક એ બધી આકૃતિઓ અદ્દશ્ય થઈ ગઈ. બરાબર ત્યારે જ મંદિરના બહારના દ્વારે, સુકાળે જોયું કે પૂજારી ઉભા હતા. એમના હાથમાં ચીમની હતી.

'અંદર આવ, સુકાળ, મહેમાનો આવી ગયા છે.' પૂજારીએ કહ્યું. સુકાળને અચંબો થયો. મહેમાનોની વાટ જોતો એ બહાર ઉભો છે, અને ગુરૂજી કહે છે કે મહેમાનો આવી ગયા ! તો શું મંદિરની અંદર કોઈ બીજો રસ્તો પણ હશે ? સુકાળ જેમ જેમ પુજારીના સંપર્કમાં આવતો ગયો તેમ તેમ એને એ પૂજારી અને મંદિર બંને વધુને વધુ રહસ્યમય લાગ્યા જણાયા.

સુકાળ પૂજારીની પાછળ ગર્ભગૃહમાં ગયો. ગર્ભગૃહની પશ્ચિમ દિવાલ પરના ભગવાન શંકરના એક આદમકદ શિલ્પ આગળ જઈ પૂજારીએ એના આગળના ભાગમાં ઉભરેલા ત્રિશુળની પાંખ પર હાથ મૂક્યો. ક્ષણાર્ધમાં આખું શિલ્પ કોઈ બારણાની માફક અંદરની તરફ ખસ્યું.

સુકાળ આભો બની જોઈ રહ્યો. હવે એ એક વિશાળખંડમાં ઉભો હતો. એની સામે કદાવર બાંધાના ત્રીસેક યુવાન ઉભા હતા. એમનામાંના બે-ત્રણ જણના હાથમાં સળગતી મશાલ હતી. મશાલના એ પીળા પ્રકાશમાં સુવર્ણવર્ણા દેખાતા એ યુવાનોના ચહેરા પર કોઈ અજબ પ્રકારની ચમક જોઈ સુકાળ પ્રભાવિત થયો.

'જય મહાકાલ....' નો નાદ આખા ઓરડામાં પડઘા પાડી રહ્યો. એ ખંડના એક ખૂણે ઊંચી પીઠ હતી ત્યાં જઈને પૂજારીએ આસન ગ્રહણ કર્યું. સુકાળ અને મહેમાનો એ પીઠ આસપાસ જમીન પર બેઠા.

'આ તમારી બાજુમાં બેઠો છે. એ સુકાળ...' પૂજારીએ આગંતુકોને સુકાળનો પરિચય આપતાં કહ્યું, 'આવતીકાલે તમારે ગરીબડા, મેલાઘેલા ફાટેલા કપડાંવાળા મજૂરોના વેશમાં નગરમાં જવાનું છે. પણ અત્યારે તો તમે થાકેલા છો અને ભૂખ પણ લાગી હશે. સુકાળે બનાવેલી ખીચડી-કઢીનું ગરમ ગરમ ભોજન આરોગો અને નિંદર કરો. બીજી બધી વાતો અને તૈયારી આપણે વહેલી સવારે નિરાંતે કરીશું...' ■

*વધુ આવતાં અંકે...*



ચટ અરજી પટ છૂટ
હવે હુ છૂટી, તું શર કૂટ
... રાજહંસ


# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

**દ્વારા આયોજીત**

## કારકિર્દી માર્ગદર્શન સેમીનાર

**સહર્ષ જણાવવાનું કે ધોરણ-૧૦ તેમજ ધોરણ-૧૨ પછી કારકિર્દીના વિવિધ વિકલ્પો અંગેનો પરિસંવાદ તા. ૨૮-૪-૨૦૧૨ને શનિવારના રોજ 'ટાગોર હોલ', પાલડી ખાતે બપોરે ૩-૦૦ કલાકે યોજેલ છે. જેમાં વિવિધ નિષ્ણાંતો દ્વારા કારકિર્દીના વિવિધ વિકલ્પો ઉપરાંત, ટાઈમ મેનેજમેન્ટ, મેમરી મેનેજમેન્ટ, પર્સનાલીટી ડેવલપમેન્ટ, અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ કઈ રીતે મેળવવું ? જેવા વિવિધ વિષયો આવરી લેવાશે.**

**વધુ માહિતી તથા ફ્રી રજીસ્ટ્રેશન માટે સંપર્ક**

**શ્રી હિમાંશુભાઈ ઠક્કર**
(Convener) શૈક્ષણિક સમિતિ
ફોન : ૦૭૯-૨૬૭૫૧૦૦૪

**શ્રી અતુલભાઈ સોની**
(Co-ordinator) શૈક્ષણિક સમિતિ
મો. ૯૭૨૫૦ ૩૮૧૪૦

# શ્રી અખિલ ભારતીય કચ્છી મારૂ કંસારા સોની મહામંડળ

## સામાજીક સમિતિ

## લગ્ન સંબંધ - વિચ્છેદ સમસ્યા

## સમાધાન અભિયાન

**'સમજણના સૂર' ને**
**અંજાર જ્ઞાતિનું હાર્દિક સમર્થન**

### પ્રેમ તત્વાર્થ

પ્રેમ માંગે પરાકાષ્ઠા
શ્રદ્ધા માંગે સહનશીલતા
શાંતિના સૂરથી આવે સૌમ્યતા
ધૈર્યના-ધીરજના ફળ લાવે મધુરતા

પ્રેમને અને શ્રદ્ધાને દૂરી તો ઘણી જ છે
પરંતુ કર્મ અને ધર્મના મર્મને સમજો તો
આવી જાય મંજીલ નજીક છે
પ્રેમના મૂળ બહુ ઊંડા છે.

પ્રેમ નથી શાળામાં શીખાતો
નથી વેચાતો મળતો
નથી ભૂંસાતો નથી લખાતો
નથી બતાવાતો નથી દેખાતો.

પ્રેમને નથી આંખ-કાન કે નાક
પ્રેમને નથી હોતી બતાવવાની શક્તિ
શ્રદ્ધાનો સાથ અને આશાની ઉર્મી
વિશ્વાસના વહેણમાં આવે પછી કેમ શેકાય ?

પ્રેમની વ્યાખ્યાની પૂર્ણાહૂતી તો નથી જ
પરંતુ અનુભવની ઓળખ હોય તો પામી શકાય
શ્રધ્ધા અને વિશ્વાસ રૂપી બે દોરીથી બાંધી શકાય

*- જયાબેન કે. બુદ્ધભટ્ટી (અંજાર)*

સાથે મળી
સમજણના સૂર
કેળવીએ

**ભરતભાઈ બુદ્ધભટ્ટી**
માનદ્ મંત્રી

**રાજેશભાઈ કેશવલાલ વિસાપરમાર**
પ્રમુખ

**સૌજન્ય : શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ અંજાર**